ISSN 0976 – 9609 V-Vidyanagar

વર્ષ: ૨૬ || અંક: ૧૦ || ઓક્ટોબર ૨૦૨૪ || સળંગ અંક : ૬૩૬

# વિ-વિદ્યાનગર

(Peer-Reviewed Magazine)







**CHARUTAR VIDYA MANDAL**

(Est: 1945)

Vallabh Vidyanagar-388120

www.vvidyanagar.ecvm.net

## ।। રક્તદાન શિબિર ।।




સી.વી.એમ. યુનિવર્સિટી સંલગ્ન જી.જે.પટેલ ઈન્સ્ટીટ્યુટ ઓફ આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રીસર્ચ અને એસ.જી. પટેલ આયુર્વેદ હોસ્પિટલ એન્ડ મેટરનિટી હોમ, ન્યુ. વલ્લભ વિદ્યાનગર ખાતે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી આણંદ બ્રાન્ચ અને કોલેજના એન.એસ.એસ. યુનિટ સંયુક્ત ઉપક્રમે તા.૧૧/૦૯/૨૦૨૪ ના રોજ રક્ત દાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓ તથા સંસ્થા ના કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. રક્તદાન કેમ્પનું ઉદ્‌ઘાટન સી.વી.એમ. યુનિવર્સિટિ ના પ્રેસિડેંટ એન્જિ. શ્રી ભીખુભાઈ બી. પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટીના દેવેન્દ્રભાઈ પટેલ, શૈલુભાઈ પટેલ હાજર રહ્યા હતા. રક્તદાન કેમ્પને સફળ બનાવવા માટે સંસ્થાના ડાયરેક્ટર ડૉ. સી.એચ. બાબરીયા તથા હોસ્પિટલ એડમિનિસ્ટ્રેટર કીર્તિબેન પટેલે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. એન.એન.એસ. ના પ્રોગ્રામ ઓફિસર ડો. સંજય ત્રિવેદી તથા તેમની ટીમે કેમ્પને સફળ બનાવવા માટે જહેમત ઉઠાવી હતી. રક્તદાન કેમ્પમાં ટોટલ ૧૦૩ બોટલ રક્ત એકત્ર થયું હતું.




વિ-વિદ્યાનગર

ચારુતર વિદ્યામંડળ પ્રકાશન

ઑક્ટોબર-૨૦૨૪

વર્ષ : ૨૬ અંક : ૧૦

સળંગ અંક ૬૩૬

**ISSN 0976-9609-V Vidyanagar**

ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

સ્થાપના વર્ષ : ૧૯૪૫



**તંત્રી**

ઉર્વીશ છાયા

**પરામર્શન**

નરેશ વેદ ● રાજેન્દ્રસિંહ જાડેજા

ભગીરથ બ્રહ્મભટ્ટ ● આર. પી. પટેલ

**સંપાદન-સહાય**

વિજય સુથાર

**પ્રકાશક**

ડૉ.એસ.જી.પટેલ

માનદ્ મંત્રી, ચારુતર વિદ્યામંડળ

વલ્લભ વિદ્યાનગર-૩૮૮ ૧૨૦

●

**મુદ્રક**

સીવીએમ પ્રેસ, વલ્લભ વિદ્યાનગર-૩૮૮૧૨૦

**પ્રમુખ**

શ્રી પ્રયાસ્વીનભાઈ બી. પટેલ

**ઉપપ્રમુખ**

શ્રી મનીષભાઈ એસ.પટેલ

**અધ્યક્ષ**

શ્રી ભીખુભાઈ બી. પટેલ

**માનદ્ મંત્રી**

ડૉ.એસ.જી.પટેલ

**માનદ્ સહમંત્રીઓ**

શ્રી મેહુલ ડી. પટેલ

શ્રી રમેશ સી. તલાટી શ્રી વિશાલ એચ. પટેલ


**વૃત્તિ અને પ્રવૃત્તિએ વિદ્યાનગરની વિભાવનાને મૂર્ત કરતું વિશાળ જ્ઞાનસંકુલ**

પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ ગુજરાતી તથા અંગ્રેજી માધ્યમમાં શિક્ષણ સુવિધાઓ ● ઉચ્ચતર માધ્યમિક શિક્ષણસંકુલના વિજ્ઞાન, સામાન્ય, ગૃહવિજ્ઞાન પ્રવાહ ● ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, યંત્રવિજ્ઞાન, ઇજનેરી વિજ્ઞાન, ઔષધ વિજ્ઞાન, લલિતકલાઓ ચિત્ર, સંગીત, નૃત્ય, શારીરિક શિક્ષણ, આયુર્વિજ્ઞાન, બાયોટેકનોલોજી, હોટેલ મેનેજમેન્ટ, ટુરિઝમ ટ્રાવેલના અભ્યાસક્રમોને આવરી લેતી કોલેજ ઑફ બિઝનેસ એન્ડ ઍડમિનિસ્ટ્રેશન, અંગ્રેજી ભાષાશિક્ષણ તથા પ્રશિક્ષણ વ્યવસ્થાની કૉલેજ ● અનુસ્નાતક કક્ષાએ વાણિજ્ય અને વ્યવસ્થાપન, વિજ્ઞાન, ઔષધવિજ્ઞાન, ગૃહવિજ્ઞાન, ઇજનેરી, દર્શનશાસ્ત્ર, અંગ્રેજી પ્રશિક્ષણના અભ્યાસક્રમો ● વિવિધ વિદ્યાશાખાઓમાં વ્યાપક સંશોધનની સુવિધાઓ ● કલા, વિજ્ઞાન અને માનવવિદ્યાઓના વિમર્શની ભૂમિકા રચી આપતાં પુસ્તકો-સામયિક પ્રકાશનો ● વિદ્યાકીય વાતાવરણને ધબકતું રાખતી વિવિધ વ્યાખ્યાનમાળાઓ ● સર્જકો, સારસ્વતો, કર્મચારીઓના સન્માનની ઉજ્જ્વળ પરંપરા, રમતગમત ક્ષેત્રે રાષ્ટ્રીય સ્પર્ધાઓનું યુવકોન્મુખ આયોજન ● પ્રાથમિકથી લઈ અનુસ્નાતક કક્ષાનાં વિદ્યાર્થી ભાઇબહેનો માટે છાત્રાલયો, અધ્યાપક નિવાસો તેમજ આચાર્ય નિવાસોની સુવિધાઓ ● સતત વિકાસની પરંપરામાં વલ્લભ વિદ્યાનગર ઉપરાંત ન્યૂ વલ્લભ વિદ્યાનગર ટાઉનશીપમાં વિવિધ અભ્યાસક્રમોવાળી શિક્ષણ સંસ્થાઓની સ્થાપના થતી રહી છે. ● રાજ્યની પ્રથમ મહિલા ઇજનેરી કોલેજ, સરદાર પટેલના જીવન અને કાર્ય માટે દેશની સર્વપ્રથમ સંશોધન સંસ્થા તેમજ સમગ્ર ગુજરાતમાં અંગ્રેજી માધ્યમની સ્નાતક કક્ષાની પત્રકારત્વ અને સમૂહ માધ્યમોની કોલેજ, ગુજરાતની યુવાપેઢીને સનદી સેવાઓમાં પ્રવેશ આપવા માટેની સીવીએમ આઇએએસ એકેડેમી ●કાયદાશાસ્ત્ર અને ન્યાયશાસ્ત્રની અનોખી કોલેજ ●ઇન્ટિરિયર ડીઝાઇન અને આર્કિટેક્ચરની સ્કૂલ ઉપરાંત ફાઇન આર્ટ્સની ડિગ્રી કૉલેજ.


અંકની છૂટક કિંમત : ₹ ૧૫/- રવાનગી ખર્ચ : ₹ ૧૦/- વાર્ષિક લવાજમ : ₹ ૧૫૦/-

વિદ્યાર્થી લવાજમ : ₹ ૧૦૦/- આજીવન લવાજમ : ₹ ૧૫૦૦/-

વલ્લભ વિદ્યાનગરના આદ્યસ્થાપકો પૈકી એક ભાઇકાકાએ ઇ.સ. ૧૯૬૪માં આ વિદ્યાકેન્દ્ર ઉપરથી એક સામયિક પ્રકાશિત થાય જેમાં સાહિત્ય અને શિક્ષણ વિષયક સંસ્કારલક્ષી સામગ્રી રજૂ થાય અને ઉચ્ચ અભ્યાસ અર્થે આવતી કિશોર-યુવાપેઢી એથી લાભાન્વિત થાય, વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પણ એમાં સક્રિય રસ લેતા થાય એવી મનીષા પ્રગટ કરી હતી. ફલસ્વરૂપ ૧૯ નવેમ્બર ૧૯૬૪ના રોજ 'વલ્લભ વિદ્યાનગર' પાક્ષિકનો આરંભ થયો. પછીથી એ માસિક સ્વરૂપે 'વિદ્યાનગર' નામે પ્રગટ થતું રહ્યું. ।વિ। નામે એનો ત્રીજો અવતાર થયો ત્યારથી પૂર્વ અધ્યક્ષ ડૉ.સી.એલ.પટેલની નિસબત અને ઉદારતાના ફળસ્વરૂપે તે નવપલ્લવિત થયું, અને ઇ.સ.૧૯૯૯થી નિયમિતપણે 'વિ-વિદ્યાનગર એ નામથી પ્રકાશિત થતું રહ્યું છે.

વિ-વિદ્યાનગર

વિ-વિદ્યાનગર www.vvidyanagar.ecvm.net પર મૂકવામાં આવે છે. દેશ-વિદેશના વાચકોને પ્રતિભાવ જણાવવા વિનંતી.

**આ માસની વિચાર-કણિકા**

જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે તો ગંગા સરખું થઈને ફળે;
જેમ પારસ પરસે લોહ ટળે, હરિભજન થકી૦૬
જાત ભાત તો નવ જાણી, હરિ, ભજે એ હરિ સરખો પ્રાણી;
કહે પ્રીતમ ઓળખો એંધાણી, હરિભજન થકી૦૭


।। પ્રાથમ્ય ।। કળિયુગનો શ્રવણ..........................૩
**એસ.જી.પટેલ**
।। આપણો વૈભવ અને વારસો ।। ........................૫
**પદ્ય-વિભાગ :**
।। નવાં કાવ્યો ।। .........................................૬
**ભગીરથ બ્રહ્મભટ્ટ, ઉમેશ જોશી,**
**રક્ષા કાચા, ગોવિંદ દરજી 'દેવાંશુ'**
।। આપણો વૈભવ અને વારસો ।।
**ગદ્ય-વિભાગ :** ગરીબીનું ગૌરવ ........................૭
**મો. ક. ગાંધી**
।। લઘુચિંતન ।। મનગમતા સ્વજનનું સ્મરણ એકાંતને મહેકાવે છે. ..............................................૮
**રમેશ પટેલ**
।। લઘુકથા ।। સ્ટેટસ.......................................૯
**મનસુખ સલ્લા**
।। નિબંધ ।। ભાડાની સાઈકલ..........................૧૦
**ભાવેશ ચાડેગરા**
।। સામાજિક ।।
ઊડતા યુવા-યુવાવસ્થામાં વ્યસનનું દૂષણ.................૧૩
**દર્શક કે. પરમાર**
।। પ્રાસંગિક ।। ગુજરાતની કલાસંસ્કૃતિમાં ગરબાનું અનેરું સ્થાન, "લોલ" શબ્દની વ્યાપક અસર ...............૧૬
**અશોક સોમપુરા**
।। નવલિકા ।। અંબોડો ..................................૨૦
**હેતલ મહેતા**
**।। प्रेरक – सच्ची कहानी ... ।।**
**अच्छाई पलट-पलट कर आती है ....................२३**
।। અભ્યાસ ।। વિશ્વકલ્યાણ અને સોમયજ્ઞ ............૨૫
**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**
।। સમીક્ષા ।। 'અમરફળ' વાર્તાસંચયની ભાષાપ્રયુક્તિ...૨૯
**ધવલકુમાર કીર્તિકુમાર રાજ્યગુરુ**
।। અધ્યયન ।। શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, નિંબાકાચાર્ય અને માધવાચાર્યની તત્ત્વચર્ચાનો સંક્ષિપ્ત પરિચય.......૩૨
**રાજેન્દ્ર ઠાકર**
।। લલિતનિબંધ ।। અનોખી સૃષ્ટિમાં...................૩૫
**સિલાસ પટેલિયા**
।। વિદ્યાવૃત્ત ।।......૮, ૯, ૧૫, ૧૯, ૨૪, ૨૮, ૩૪



ISSN 0976-9609

|| પ્રાથમ્ય ||

## કળિયુગનો શ્રવણ

એસ.જી.પટેલ

અનુભાએ તંદ્રાવસ્થામાંય અનુભવ્યું કે, માએ એના નાક સાથે જોડેલી નળી ખેંચી કાઢી હતી. રાત્રે ત્રણ વાગ્યા સુધી ભાઈએ માનું ધ્યાન રાખ્યું હતું. હવે એનો વારો હતો. અત્યાર સુધીની ઊંઘ ખેંચ્યા પછીય ફરી એ ઊંઘમાં સરી પડી હતી.

છેલ્લા કેટલાક સમયથી મા માંદી હતી. સૌ કહેતા કે, મા એના આવવાની રાહ જોતી હતી. ઘર-ગૃહસ્થીમાં અટવાયેલી અનુભા છેક બે વર્ષે માને મળવા આવી શકી. દૂર રહ્યે એને હતું કે, દવાઓથી મા ઠીક થશે, હરતીફરતી થશે. પણ માને જોયા પછી એવા ખોખલા આશ્વાસન પરથી અનુભાનેય વિશ્વાસ ઊઠી ગયો છતાં માને હોસ્પિટલમાં દાખલ કરવાનો નિર્ણય લેવાયો.

માનો રોગ પકડાતો નહોતો, હૃદય, ફેફસાં, કિડનીની તપાસ થઈ. બધું બરોબર હતું. લકવાની અસર પણ નહોતી છતાં આટલી દવાઓ, ઈન્જેકશન પછીયે મા ઠીક નહોતી થતી. જાણે અંતિમધામ તરફ પ્રયાણનો સમય આવી ગયો હોય એમ માએ સૌ સંતાનોને છેલ્લી વાર જોઈ લીધા પછી સાંસારિક બંધનમાંથી માયા સમેટવા માંડી.

ડોક્ટર આવતા, દવાઓ બદલાતી. દુકાળપીડિત માનવની જેમ મા સાવ હાડપિંજર જેવી બની ગઈ હતી. ડોક્ટરોના કહેવા મુજબ ડી-હાઈડ્રેશનના લીધે સાવ ચેતનહીન બની ગઈ હતી. લોહીમાં હિમોગ્લોબીન ઘટી ગયું હતું. ત્રણ-ચાર દિવસથી સલાઈન ચઢાવ્યા પછી કોઈ ફરક ન દેખાતાં એક બોટલ લોહી ચઢાવવાની ને નાકની ટ્યૂબ વાટે દૂધ આપવાની ડોક્ટરોએ સલાહ આપી હતી અને એ જ રાત્રે અભુમાને જરાક અમસ્તુ ઝોકું આવ્યું ને માએ આ ટ્યૂબ ખેંચી કાઢી.

હવે ? નર્સને બોલાવું કે ભાઈને જગાડું ? આટલા દિવસથી ભાઈએ જ માને સાચવી હતી અને પહેલી રાત્રે જ એ આટલું ધ્યાન ન રાખી શકી ! અપરાધભાવ સાથે અનુભાને જાત માટે ચીઢ ચઢી, મા માટે ચિંતા થઈ.

* * *

છેલ્લે અનુભા નાની બહેનની સગાઈ ટાણે આવી ત્યારે માનું વર્તન થોડું અસ્વભાવિક હોય એવું એણે અનુભવ્યું હતું. મા દરેકને વેવાણ માનીને વાતો કરવા માંડતી. પહેલાં તો અનુભાને લાગ્યું કે માને ઓછું દેખાતું હશે એટલે ઓળખાણ નહીં પડતી હોય. ઠીક છે, એ તો નવા ચશ્મા કરાવી લેવાશે અથવા આંખનું ઓપરેશન કરાવી લઈશું એટલે ઠેકાણું પડી જશે.

પણ, રહી રહીને સમજાયું કે મા ધીમેધીમે દરેક વાતો અને વ્યક્તિ સુદ્ધાંને ભૂલવા માંડી હતી.

એક અલગ વિશ્વમાં રાચતી મા એની કલ્પના અનુસાર કેટલીયે મનઘડત વાતો વિચારતી. મનમાં આવે એમ વર્તતી. માની આવી અવસ્થા છતાં ઘરની જવાબદારીના લીધે અનુભા મા પાસે લાંબું રોકાઈ શકી નહોતી.

આ બે વર્ષો દરમ્યાન અનુભાને મા વિશે જે જાણવા મળતું એનાથી એ ખૂબ વ્યથિત થતી.

માની આંખોમાં શૂન્યતા વધતી જતી હતી. એની આસપાસના વિશ્વનું વાતાવરણ, વ્યકિતઓ તો જાણે ધૂંધળી થતી છાયાઓ. કદાચ એક દિવસ સઘળું અદશ્ય બની જશે ને મા પણ...

અનુભાને તબિયત ઠીક ન હોય તો પણ પરાણે જાત ખેંચીને બાળકો માટે રસોઈ કરતી મા યાદ આવી. આજે એ જ મા નાના બાળકની જેમ જીદ કરતી થઈ ગઈ હતી. જીદ પૂરી ન થાય તો મા ઉપવાસ પર ઊતરી જતી.

ક્યારેક મા કલાકો સુધી નાહ્યા કરતી,

માથામાંથી લોહી નીકળે ત્યાં સુધી ઓળે રાખતી, ઘરની ચીજ-વસ્તુઓને ફેંકી દેતી તો ક્યારેક ચૂપચાપ ઘરમાંથી નીકળી જતી.

અનુભા જ્યારે માની આ વાતો સાંભળતી ત્યારે સન્ન થઈ જતી.

મા ખૂબ સુંદર હતી ! સ્વભાવની ભોળી પણ સ્પષ્ટવક્તા હતી. હા, પિતાની પ્રકૃતિ અને એનો સ્વભાવ અલગ હતાં એટલે બંને એકબીજાથી ખુશ નહોતાં.

આ વખતે અનુભાએ પિતાજીને મળશે ત્યારે આ અંગે સ્પષ્ટ વાત કરી લેવાનું નક્કી કરી લીધું કે, 'માત્ર ખાવા-પીવાની સગવડ કે સાડી-દાગીનાથી ગૃહસ્થી નથી ચાલતી. એકમેકનો સાથ, હાથમાં હાથ હોય એને ગૃહસ્થી કહેવાય.'

પણ અનુભા ઘેર પહોંચી ને વરંડામાં બેઠેલા પિતાજીને જોઈને હતપ્રભ બની ગઈ. ઘડપણની લાચારીને લીધે ફિક્કો ચહેરો, માથે માંડ ગણી શકાય એટલા વાળ અને વધતી દાઢી. કશું જ બોલ્યા વગર માને મળવા ઉતાવળી અનુભા પિતાજીને પગે લાગીને અંદર ગઈ.

પણ મા કયાં ?

મા એક રૂમમાં બંધ હતી. બારણું ખોલીને અનુભા અંદર ગઈ. મા ખાટલા પર બેઠી રડતી હતી. ખાટલા પર ન તો એના માટે ગાદલું હતું કે ન તો ઓઢવાનું ગોદડું. અનુભા સ્તબ્ધ...

આ ખાટલા પર તો ભાઈ-બહેનોએ કેટકેટલી વાતો કરી હતી ! એની આંખમાં પાણી ધસી આવ્યું.

માએ એની ચાદર, ઓઢવાનું તો ઠીક એનાં કપડાં સુદ્ધાં ફાડી નાખવા માંડ્યાં ત્યારથી માને રૂમમાં બંધ રાખવી પડતી. માને ખાવા-પીવા, નહાવા કે કોઈ કુદરતી ક્રિયાનું ભાન નહોતું રહ્યું. પાંચ ફૂટ, છ ઈંચની ઊંચાઈ ધરાવતી મૉડલ જેવી લાગતી મા જાણે સંકોચાઈને ચાર ફૂટની બની ગઈ. અત્યંત રૂપાળો વાન આજે બળેલા કોલસા જેવો લાગ્યો.

"મા"... અનુભાએ માને બોલાવી પણ વ્યર્થ. આ મા જેણે સંતાનો માટે દરેક વ્રત-ઉપવાસ કર્યા એ મા આજે એનાં સંતાનોને ઓળખવાની મનોસ્થિતિમાં રહી નહોતી.

પિતાજી અને ભાભીએ તો જાણે માને સાચવવાના પ્રયાસો છોડી જ દીધા હતા.

એક માત્ર ભાઈ હતો જે માનું એની નાની દીકરી હોય એમ ધ્યાન રાખતો. ડેટોલના પાણીથી માનો રૂમ સાફ કરતો, માથે તેલ નાખીને માનાં વાળ ઓળતો. ગરમ પાણીમાં ડેટોલ નાખીને માને નવડાવતો.

મા નાહીને તૈયાર થાય એટલે સમજાવી, ફોસલાવી તો વળી થોડું વઢીનેય દૂધ સાથે એકાદ રોટલી ખવડાવતો. ભાઈ જે રીતે માની કાળજી લેતો એ જોઈને અનુભાને ભાઈ પ્રત્યે અનહદ માન થયું.

ભાભી હોવા છતાં આ બધું ભાઈએ કરવું પડતું એ જોઈને અનુભાને દુઃખ થયું. પણ, જ્યાં પોતે દીકરી હોવા છતાં મા માટે કશું કરી શકવા અસહાય હતી ત્યાં ભાભીને શું કહે ?

દીકરીએ જે કામ સંભાળવું જોઈએ કે જે કાળજી લેવી જોઈએ એ કર્તવ્ય ભાઈ સંભાળી રહ્યો હતો એ જોઈને અનુભા વિચારી રહી, 'શ્રવણ માત્ર ત્રેતાયુગમાં જ નહીં, હર એક યુગમાં...' કળિયુગમાં પણ...

---

(સરોજિની સાહુ લિખિત વાર્તા અસાર પર આધારિત ભાવાનુવાદ)

---

માનદ્ મંત્રી - ચારુતર વિદ્યામંડળ,
ફોન (૦૨૬૯૨) ૨૩૮૪૦૦
E-mail : sgpatel1948@gmail.com

 ISSN 0976-9609

## ।। વૈભવ-વારસો પદ્ય વિભાગ ।।

### સબ દિન હોત ન એક સમાન.... (પદ)

સબ દિન હોત ન એક સમાન,
પ્રકટત હે પૂરવકી કરણી, તજ મન શોચ અજ્ઞાન. સબ૦
એક દિન રાજા હરિશ્ચંદ્ર કે, ઘર સંપત મેરુ સમાન;
એક દિન દાસજ ભયો સુપચ ઘર, અંબર હરત મસાન.સબ૦
એક દિન રામ જાનકી લક્ષ્મણ, વિહરત પુષ્પવિમાન;
એક દિન પંચવટીમેં અકેલે, રુદન કરત ઉદ્દિયાન.સબ૦
એક દિન રાજસિંહાસન યુધિષ્ઠિર, અનુચર શ્રીભગવાન;
એક દિન રાજસભામેં દ્રૌપદી કે, કેશ દુ:શાસન તાણ.સબ૦
એક દિન ભયો બરાતમેં દુલહો, ચોદિશ મંગળ ગાન;
એક દિન ભયો કાળવશ મસ્તક, કર લંબે પગ તાન. સબ૦
એક દિન માતૃ ઉદરમેં આયો, લીખે લાભ અરુ હાણ;
સૂર કહે સબ ભાવિ કે વશમેં, બિધિકે અંક પ્રમાણ.સબ૦

### હરિભજન થકી... (પદ)

હરિભજન થકી, છોટા હોય તે સૌથી મોટા થાય;
તન તાપ ટળે, જન્મ-મરણનાં સંકટ સર્વ જાય. ટેક.
જુઓ એકલશૃંગી હરણીના, એવા વ્યાસમુનિ વણ પરણીના;
કહો સુતપુરાણી કુણ પરણીના, હરિભજન થકી.૦
જુઓ શુકજી કેરૂં મૂળ શોધી, જાતે પક્ષી સુરીઓ લોધી;
થયા આપે ઈશ્વર અક્રોધી, હરિભજન થકી૦૨
જુઓ માંડવની મેડકી માતા, એવા વસિષ્ઠ વિશ્વે વિખ્યાતા;
એવા ચતુરાનન પંકજ જાતા, હરિભજન થકી૦૩
જુઓ વાલ્મિકજીની વાત ખરી, જેણે દર્ભશાળમાં દેહ ધરી;
જેણે સો કોટિ રામાયણ કરી, હરિભજન થકી૦૪
જુઓ દાસીસુત શું હીણપણું, એનું પુણ્ય પવિત્ર ચરિત્રઘણું;
થયા નારદ મન ગોવિંદ તણું, હરિભજન થકી૦૫
જેમ મધ્યમ જળ ગંગામાં ભળે, તે તો ગંગા સરખું થઈને ફળે;
જેમ પારસ પરસે લોહ ટળે, હરિભજન થકી૦૬
જાત ભાત તો નવ જાણી, હરિ, ભજે એ હરિ સરખો પ્રાણી;
કહે પ્રીતમ ઓળખો એંધાણી, હરિભજન થકી૦૭

### હરિ ભજવાનું ચોઘડિયું રે..... (પદ)

હરિ ભજવાનું ચોઘડિયું રે, ફરી ફરી ક્યાં મળશે રે.
ચોંપ કરીને ચેતી લેજો, ભવનાં તારણ તરશો રે... હરિ.૦૧
મનુષ્યદેહ મટી જશે ને, પશુ-પંખી અવતરશો રે;
વરણાગીમાં વાટ ઊઠશે, કેઈ ખાણે રડવડશો રે... હરિ૦૨
દુ:ખ લાગે તો વહેલું લાગો, ઉંધે ઉંધું ચાલ્યું રે;
માને ઉદર શું બોલ્યો'તો, શું બોલ્યો શું પાળ્યું રે... હરિ૦૩
જોબન જાશે ને જરા આવશે, નેન નાસિકા ગળશે રે;
સગાં સ્નેહી સુખનાં બેલી, અંતે અળગાં રહેશે રે.હરિ૦૪
હરિનામ તો હારી બેઠો, વિખીયામાં વિંટાયો રે;
ધોળે દહાડે ધજા બંધાવી, ચૌટામાં લૂંટાયો રે.... હરિ૦૫
આ અવસર તો રૂડો કહાવે, પાપ ન કરશો પ્રાણી રે;
કલ્યાણ કહે તે કહ્યું ન માને, પથરા ઉપર પાણી રે.હરિ૦૬

### લેહ લગાડી રામને..... (પદ)

લેહ લગાડી રામને, જપો જાવું છે મરી;
જાવું છે મરી રે, કાયા જાશે પડી. લેહ૦
ઘણે કષ્ટે પિંડ બંધાણો, ગર્ભમાં ધરી (૨)
માંડ કરીને મનખો પામ્યો, ચોરાશી ફરી. લેહ૦
ઊંચાં મંદિર માળિયાં તારાં, રહેશે રે પડી (૨)
એવી રૂડી મનખાદેહ તારી, ધૂળમાં ઢળી.લેહ૦
તેડાં આવ્યાં શ્રીરામનાં, જાવું કષ્ટની ઘડી (૨)
જમ આવ્યે તારૂં જોર નહિ ચાલે, બાંધશે જડી. લેહ૦
સગા સર્વે વિંટાઈ બેઠાં, મરણની ઘડી (૨)
કાઢો કાઢો સૌ કહે, એને રોકો માં ઘડી. લેહ૦
સંતની સેવા હરિની ભક્તિ, વાત છે ખરી (૨)
શ્રીહરિ કહે રઘુવર સમરો, જાશો તરી. લેહ૦

## ॥ નવાં કાવ્યો ॥

### ગીત

**ભગીરથ બ્રહ્મભટ્ટ**

પળની પરી રસ્તે મળી પાંપણ ઢળી આંખો ઠરી
પળની પરી
કે'વું કોને ? કેટલી ગમી,
ઊંડે ઉતરી રણમાં રમી... પળની પરી
રાગની ધરી રંગની સળી ગંધથી ભરી ભાનમાં ભળી
પળની પરી
ગલિયે ગલી છલ્લક છલી,
હસતી કલી જ્યોતિ જલી... પળની પરી.
ઝાકળભરી પાંદડી ખરી સરર...કરતી સૌરભ સરી
ફૂલની કલી લયમાં લળી
પડખું ફરી, ઢોલિયે ઢળી... પળની પરી.
ખોબો ધરી ઘૂંટડો ભરી પળને પીતી પળની પરી
તાલમાં તરી, જાતરા ફળી.

પ્લોટ નં. ૮૬૪, ગ્રેસ બંગલો, મહાદેવ વિસ્તાર
વલ્લભ વિદ્યાનગર, જિ.આણંદ (મો) ૯૮૭૯૫૨૩૨૭૬

### સંગતની યાદ

**રક્ષા કાચા**

પ્રેમઘટ છલકાવતી કૈં વાત સંગત યાદ આવે,
ખાસ ખુશ્બૂ મ્હેકતી સ્નેહાળ સંગત યાદ આવે.

હૂંફ નીતરતી સુહાગી સેજ પલકારે સજાવી,
આંગણે અવસર ખુશીનો હો એ રંગત યાદ આવે.

તુજ મિલનના મસ્ત ઝંખનની મધુર આશા જગાડી,
રંગભીની એક હોળીની શરારત યાદ આવે.

જ્યારે કસ કમખાની તૂટી ગઈ ફટાફટ પ્રીત ઝીલી,
ભીતરે ઊઠેલી ધડકનની સખાવત યાદ આવે.

કેટલા ભવથી સજાવી રાખેલા સપનાં મજાના !
આંખ સાથે આંખની નમણી નજાકત યાદ આવે.

'ઘટા', રાજકોટ

### કથા લખવી હતી...

**ઉમેશ જોષી**

બંધ પાંપણની કથા લખવી હતી,
એક સ્વપ્નની કથા લખવી હતી.
પર્ણ ફૂટે એક સૂકી ડાળ પર,
તો ફરી ખુદની કથા લખવી હતી.
શબ્દનો જો સાથ મળ્યો હોત તો,
મન અને તનની કથા લખવી હતી.
પાનખરને મન ભરીને માણવા,
લીલવા જનની કથા લખવી હતી.
લાશ આવી છે કિનારે એકલી,
આજ એ ઘરની કથા લખવી હતી.

### ગઈ બા સ્વર્ગેને... (શિખરિણી)

**ગોવિંદ દરજી 'દેવાંશુ'**

ગઈ બા સ્વર્ગે ને સજળ નયને કાંધ પર લૈ
અમે ભાઈ ચાલ્યાઃ હૃદય અટક્યાં ને ચરણમાં
પ્રવેશ્યા ભાલાઓ, ટશર તહીં ફૂટી રુધિરની.
છવાયું આંખે તો તિમિર સઘળે પંથ ન મળે !

છતાં ભારે હૈયે સરિત તટ જે અંતિમ હતો !
મસાણે પ્હોંચીને વદન ફરીથી બાનું નિરખ્યું !
હસી જાણે કે બા, ગત સમય સ્મરણે જ ચડ્યો !
ઉછેર્યાં'તા કેવા અતિશય કરી લાડ અમને !
રમાડતી'તી બા, કુસુમ કર શા વ્હાલ દઈને !
અમે ભારે હૈયે અમ કર વડે દાહ જ દીધો !

'મળે આખા વિશ્વે, સઘળું પણ માબાપ ન મળે'
જગે લોકો કે'તા, સત્ વચન ભાસ્યું જ દિલમાં.
અમે ઘેર આવ્યા, ઘર ન ઘર સ્મશાન શું દીસે !
ચઢી દેહે ખાલી ઘર અરર ! તો બા વગરનું.

સી-૫, તુલસીકુંજ સોસાયટી, વૈભવ હોલ પાછળ,
ઘોડાસર, અમદાવાદ-૩૮૦૦૫૦, (મો) ૯૪૨૮૧૧૮૦૦૭

 ISSN 0976-9609

॥ વૈભવ-વારસો ગદ્ય વિભાગ ॥

## ગરીબીનું ગૌરવ

**મો. ક. ગાંધી**

આપણા દેશમાં ગરીબીનું પણ એક પ્રકારનું ગૌરવ છે. એક જાતનો મોભો છે. અહીં ગરીબ પોતાની ગરીબીથી શરમાતો નથી. તવંગરના મહેલ કરતાં પોતાની ઝૂંપડીને તે વધારે ચાહે છે - અરે, તે ઝૂંપડીને વિશે અભિમાન પણ રાખે છે. દુનિયાના ભૌતિક પદાર્થોની માલિકીની બાબતમાં ગરીબ હોવા છતાં, તે દિલનો અથવા આત્માનો દરિદ્ર નથી. સંતોષ તેની સંપત્તિ છે. હિંદુસ્તાનમાં માણસનો એવા પ્રકારનો ખાસ નમૂનો જોવાને મળે છે, જે પોતાની જરૂરિયાતો બને તેટલી ઓછી રાખવામાં આનંદ માને છે, તે પોતાની પાસે માત્ર મૂઠી લોટ ને ચપટી મીઠું-મરચું રાખી એક કકડામાં બાંધીને ફરે છે. કૂવામાંથી પાણી ખેંચીને પીવાને માટે તે ખભે દોરી-લોટો ભેરવીને ચાલે છે. તેને આ સિવાય બીજી એકે વસ્તુનો ખપ નથી. રોજના દસથી બાર માઈલ તે પગે ચાલી નાખે છે. પોતાના કપડાના કટકામાં જ તે લોટ બાંધી લે છે. બળતણને માટે થોડાં સૂકાં ડાંખળાં આમતેમથી વીણી લઈ તેની ધૂણીના અંગારા પર પોતે બાંધેલા લોટને શેકી લે છે. આ રીતે શેકાયેલા લોટને બાટી કહે છે. મેં તે ચાખી છે. મને તે ઘણી સ્વાદિષ્ટ લાગી છે. સ્વાદ સાચું જોતાં ખાવાની વાનીમાં નથી. પ્રામાણિક મજૂરી અને મનનો સંતોષ જે ભૂખ લગાડે છે, તેમાં રહેલો છે. આવા માણસનો સાથી કે બેલી અને મિત્ર ઈશ્વર છે, અને તે પોતાને કોઈ રાજા કે બાદશાહથીયે વધારે શ્રીમંત માને છે.

એથી ઊલટું, જે કોઈ પૈસાની તૃષ્ણામાં ને તૃષ્ણામાં તેની પાછળ પડે છે તેને, ગમે તે રૂપાળા નામે પણ, બીજાને લૂંટ્યા કે ચૂસ્યા વિના છૂટકો નથી. અને એ બધું કરવા છતાં દુનિયાના કરોડો તો કદી લક્ષાધિપતિ થવાના નથી.

'અરધી સદીની વાંચનયાત્રા'માંથી સાભાર.

**ગાંધીજીએ ભારતને ફક્ત રાજકીય આઝાદી જ નથી અપાવી, તેમણે ભારતીય સમાજમાં પ્રવર્તતા દૂષણો દૂર કરી, દરેક ભારતીયને નૈતિક તેમજ સરળ સામાન્ય જીવન પોતાની આજીવિકા પ્રમાણે કેવી રીતે જીવવું તેનો રાહ પણ પોતાના જીવન-કવન દ્વારા બતાવ્યો છે.**

## ।। લઘુ ચિંતન ।।

**મનગમતા સ્વજનનું સ્મરણ એકાંતને મહેકાવે છે.**

**રમેશ પટેલ**

ત્રણ અક્ષરની સુંદર કવિતા એટલે 'એકાંત'. શબ્દો સર્જકની રાહ જોઈને બેઠા હોય છે એકાંતે. હિમાલયના ઊંચા શિખરે એકાંત ઝળહળે છે. હિમાલયનો પર્યાય છે 'એકાંત શબ્દ'.

શિયાળાના ધુમ્મસની પાછળ ઝાંખું ઝાંખું દ્રશ્ય એકાંત હોય છે. ભોપાલથી થોડે દૂર આવેલા 'ભીમબેટકા' આદિ માનવ ગુફામાં બેસી હું પથ્થરોની ગુફામાં દોરું છું 'એકાંત'નું એ ચિત્ર જોઈ, આદિ માનવોને આનંદની અનુભૂતિ જરૂર થતી હશે જ ! અંધારાને એકાંત ભાવે છે. ઘરને એકાંતે બેસવા જંગલમાં જવાનું મન થતું હશે ને! સર્જકો પોતાનું એકાંત ભીડમાં કે ટોળાં વચ્ચે પણ મેળવી લેતા હોય છે. જીવનની અંતિમ વાસ્તવિકતા એ એકાંત છે. 'એકાંત'ના અરીસામાં માણસ પોતાની ભીતર ડોકિયું કરી શકે છે. ઈશ્વરે આપેલ મોટામાં મોટી ભેટ છે 'એકાંત'. એકાંત જોડે આપણો સંબંધ જેટલો ગાઢ હોય એટલું જીવન સુખી અને આનંદમય હોય છે. આપણું એકાંત જેટલું સમૃદ્ધ હશે એટલું આપણો જીવન વ્યવહાર અતિશુદ્ધ અને સૌંદર્યવાન હશે! એકાંત જોડે મિત્રતા રાખી દુનિયાને તમે ચાહી શકો છો. બાહ્ય અવાજથી આપણે અચાનક ચોંકી જતા હોઈએ છીએ. સવારનું એકાંત પ્રભાતિયાં ગાતું હોય છે. આંતરિક એકાંત એટલે પ્રસન્નતાની ક્ષણ ! અંતરના અવાજને સાંભળવાની કુટિર છે 'એકાંત'. એકાંત માટે મૌન અને અંધારું આવશ્યક હોય છે. આપણા મનને સાંભળવા એકાંત જરૂરી છે. અસ્તુ!

૩૦, આનંદ વાટિકા સોસાયટી,
સરદાર પુલ પાસે, અડાજણ રોડ,
સુરત-૩૯૫૦૦૯ (મો) ૯૮૨૫૧૦૦૨૫૫

## ।। વિદ્યાવૃત્ત ।।

### ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી ખાતે લઘુરુદ્રનું આયોજન :

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શાળાના તમામ શૈક્ષણિક અને બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા શ્રી સત્યનારાયણ દેવની કથા તેમજ દેવાધિદેવ મહાદેવ શિવશંકરની અસીમ કૃપાપ્રાપ્તિ અર્થે લઘુરુદ્ર યાગનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક ડૉ.અમિતકુમાર ભટ્ટે કથા-યાગનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરાવ્યું હતું. આ શુભકાર્યમાં સમગ્ર શાળાનો સ્ટાફ અને શાળાના પ્રિ.વિજયકુમાર સુથાર તેમજ સીવીએમના મંત્રી ડૉ.એસ.જી.પટેલ સાહેબે ઉપસ્થિત રહી કથા શ્રવણ કર્યું અને યજ્ઞમાં આહૂતિ આપી સૌનું જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ ભર્યું થાય અને વિદ્યાર્થીઓને ઉચ્ચ ધ્યેય અને સિદ્ધિ પ્રાપ્ત થાય એવી મંગલકામના કરી હતી.

### ચારુતર વિદ્યામંડળ સંચાલિત ટી.વી.પટેલ હાયર સેકન્ડરી ખાતે શિક્ષકદિનની ઉજવણી :

5મી સપ્ટેમ્બરના રોજ ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ભારતરત્ન ડૉ.સર્વપલ્લી રાધાકૃષ્ણનનો જન્મદિવસ સ્વયં શિક્ષકદિન તરીકે ઉજવાયો હતો, દિનવિશેષ ઉજવણી સમિતિના કન્વિનરશ્રી હર્ષદકુમાર વાઘેલા, અંકિતાબેન પટેલ, હંસાબેન રાઠોડ અને શ્રી જીતેન્દ્ર મહેતા દ્વારા આયોજન કરવામાં આવ્યું જેમાં, 95 વિદ્યાર્થી ભાઈ-બહેનોએ ભાગ લીધો હતો, શાળાના આચાર્યશ્રી વિજયકુમાર સુથારે શિક્ષકનું વિદ્યાર્થીઓને યોગદાન અને શિક્ષકદિનની ઉજવણીનું મહત્ત્વ સમજાવ્યું હતું અને ભાગ લેનાર સર્વે વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976-9609

॥ લઘુકથા ॥

## સ્ટેટસ

**મનસુખ સલ્લા**

નાસ્તા પછી સૌ હસીખુશીથી વાતો કરીને વધુ પરિચય કેળવી રહ્યાં હતાં. ત્યાં નૌતમભાઈએ પુત્ર જતીનને કહ્યું, 'તું અને સુરેખા પણ ઘડીક વાત કરી લો.' પિતા શાંતનુભાઈએ સુરેખા સામે જોઈ કહ્યું, 'હા, હા. જીવનભરની બાબત છે. બરાબર છે.'

જતીન અને સુરેખા બાજુના રૂમમાં જઈને બેઠાં. જતીને પ્રારંભ કર્યો, 'હું પહેલેથી સ્પષ્ટ રહેવા માગું છું. તમે અંગ્રેજીમાં એમ.એ.બી.એડ.કર્યું છે, તેની મને ખબર છે. પણ તમે નોકરી નહિ કરો. આ મારી મુખ્ય વાત છે.' તે અટકીને સુરેખા સામે જોઈ રહ્યો.

સુરેખા સ્થિર આંખે જોઈ રહી. પછી બોલી, 'મેં જાણ્યું કે વકીલાતમાં તમે ઘણું કમાઓ છો. પણ હું નોકરી ન કરું એ તમારી શરત છે ?'

'હાસ્તો, વળી.'

'તો તમે મારા જેવી એજ્યુકેટેડ કન્યા ઉપર પસંદગી કેમ ઉતારી ?'

'સમાજમાં મારું એક સ્ટેટસ છે, પત્ની ભણેલી હોય તો સોસાયટીમાં મારું સ્ટેટસ જળવાય.'

આંખ માંડી રાખી સુરેખા બોલી, 'રસોઈ, કચરાં-પોતાં, ગૃહસુશોભન કરનાર ઓછા ખર્ચમાં તમને મળી રહેશે. રહી વાત તમારું સ્ટેટસ જળવાવાની.' સુરેખા ઊભી થઈ ગઈ, 'એ માટે તમારે મારા જેવી એજ્યુકેટેડ પત્નીની નહિ, બાર્બી ડોલની પસંદગી કરવી જોઈએ. તે તમારા બધા અરમાન પૂરા કરશે.'

જવાબની રાહ જોયા વિના સુરેખા રૂમની બહાર નીકળી ગઈ.

ઉઘાડા બારણામાંથી આવતા તડકાએ જતીનની આંખો આંજી નાખી. તેની સામે રંગીન વર્તુળો દોરાતાં રહ્યાં.

સી-૪૦૩, સુરેલ એપાર્ટમેન્ટ,
દેવાશિષ પાર્ક સામે, જજીસ બંગલો વિસ્તાર,
અમદાવાદ-૩૮૦૦૧૫, (મો) ૯૮૨૪૦૪૨૪૫૩,
Email:mansukhsalla@gmail.com

॥ વિદ્યાવૃત્ત ॥

## ગો.જો.શારદા મંદિરમાં સ્વયં શિક્ષણ દિનની ઉજવણી

ચારુતર વિદ્યાનગર સંચાલિત ગો.જો. શારદા મંદિર (કન્યાશાળા), વિદ્યાનગર ખાતે 5 સપ્ટેમ્બરના રોજ 'સ્વયં શિક્ષણ દિન'ની ઉજવણી કરવામાં આવી. શાળાની વિદ્યાર્થિનીઓ અક્ષા વોહરા (મા. વિ.) તથા પ્રાચી ભટ્ટે (પ્રા. વિ.) આચાર્ય તરીકે સુંદર કામગીરી કરી હતી. શાળાની ધોરણ 8 અને 10ની વિદ્યાર્થિનીઓ દ્વારા શિક્ષણકાર્ય કરવામાં આવ્યું હતું. સાથે વિદ્યાર્થિની દ્વારા ગીતગાન સ્પર્ધા અને એક મિનિટ ગેમ શોનું પણ આયોજન અને સંચાલન કરવામાં આવેલ. વિશેષતઃ શાળાની ધો.9ની દિવ્યાંગ વિદ્યાર્થિની ઠાકોર અંજલિએ પણ જલારામ જનસેવા ટ્રસ્ટ, ધર્મજના IEDSS સમગ્ર શિક્ષા યોજના અંતર્ગત વિશિષ્ટ શિક્ષક પ્રજ્ઞાચક્ષુ રાધાબેન પટેલના માર્ગદર્શન હેઠળ શિક્ષક તરીકે ભૂમિકા ભજવી હતી. શિક્ષક દિનની સમગ્ર ઉજવણીનું આયોજન કરનાર શિક્ષિકા દીપ્તિબેન, શિક્ષકશ્રી બિપીનભાઈ અને મહેન્દ્રભાઈને શાળાના આચાર્ય મેઘનાબેન દેસાઈએ અભિનંદન તથા વિદ્યાર્થિનીઓને શુભાશિષ પાઠવ્યા હતા.

## ।। નિબંધ ।।

## ભાડાની સાઈકલ

ભાવેશ ચાડેગરા

આજે બાઈક કે કારના અત્યંત પ્રભાવ વચ્ચે ક્યાંક સાઈકલ વિસરાતી જતી વિરાસત તરફ ગતિ કરી રહી છે. તે ક્યાંક કસરતના સાધન તરીકે તો ક્યાંક સ્પર્ધામાં મેડલ પ્રાપ્ત કરવાની હોડ કે પછી શોખરૂપે બે-ત્રણ મહિનાના અરમાનો પૂરા કરવા માટે જીવે છે. એ પણ પાછી મોટાભાગે આધુનિકતાના આભૂષણ પહેરેલી ગીયરવાળી કે બેટરીવાળી. હા, ક્યાંક ખરી સાઈકલ રસ્તા પર ગરીબોના વાહન તરીકે ડોકાયા કરે છે પણ એને આપણે પાછળથી હોર્ન પર હોર્ન મારીને અંતિમ શ્વાસ લેવા મજબૂર કરી દઈએ છીએ. આજે સાઈકલ નાનાં બાળકો કે કિશોરોમાં કાર-બાઈકની અપરિપક્વતાને કારણે જીવિત છે તેનો આનંદ છે. બાળક બે-ચાર વરસનું થાય એટલે મમ્મી એના પપ્પાને નવી સાઈકલ લેવા ફરમાન કરે. હમણાં મને પણ મારા ધર્મપત્નીએ મારા પાંચ વર્ષના દીકરા માટે ડીશ બ્રેકવાળી, બંને બાજુ મડગાર્ડ, જાડા ટાયર અને પાણીની બોટલવાળી સુવિધાસંપન્ન સાઈકલ લેવા જણાવ્યું. દુકાને સાઈકલના એકએક પાર્ટનું બરાબર નિરીક્ષણ કરતો હું મારા એ શૈશવના સ્મરણોમાં ખોવાઈ ગયો.

એક દિવસ સાઈકલનો પણ કેવો દાયકો હતો હે ! અભિનેતાના ફોટાવાળા વાછટિયા, હેંડલમાં લટકતા ફરફરિયા, નાના બાળકને બેસવાની ડાંડલા ઉપરની સીટ, મોતીથી જડેલ વ્હીલના આરા અને બીજું ઘણું બધું. પાછું આ બધું ઘરની સાઈકલ હોય તો શક્ય, બાકી ભાડાની સાઈકલ તો જાણે કેરીના ચૂસાયેલા ગોટલા સમાન. તે મારે મન તો સવાઈ. આમ પણ ઘરની સાઈકલ લેવી એ કંઈ સહેલું થોડું હતું. હું સાડાચાર વાગ્યે ભણીને આવું એટલે મારા બાપા મને આઠ આના અને ક્યારેક મૂળ સારું હોય ત્યારે બાર આના કે રૂપિયો પણ આપી દે. અમારે ત્યાં દાદાને બાપા કહેવાનો રિવાજ તે પૌત્રપ્રેમ વશ પૈસા આપવાનું ક્યારેય ભૂલતા નહીં. એ પૈસા હાથમાં આવતા જ બરાબર મુઠ્ઠીમાં દબાવી ઘરેથી દોટ મૂકી, સીધો ભીમભાઈની દુકાને પહોંચી જતો. એ વખતે અમારા ગામમાં સાઈકલની બે જ દુકાન. ભીમભાઈ અને અરજનભાઈની. ભીમભાઈની સાઈકલ દેખાવે નમણી અને પોતે પાછા નરમ સ્વભાવના એટલે મને એની જ સાઈકલ ફાવે. હું એની દુકાને જાઉં એટલે કહેઃ "સોરા, એવું છે ને કે એક સાઈકલમાં પંચર છે. બીજીનું ચેઈન તૂટી ગયું ને ત્રીજી તો ભાડે ગઈ. એમ કર. અડધી કલાક બેસ એટલે સાઈકલ આવી જાય." અડધાની જગ્યાએ દોઢ કલાકે સાઈકલ આવે પણ તે આવતા જ રોમેરોમ આનંદનો ચમકારો છૂટે. ભીમભાઈના હાથમાં આઠ આના મૂકી સાઈકલ ભાડે લેવા અધિરો બનતો ત્યાં તો તેઓ કહેતાઃ "સોરા, જો એક કલાકની માટે બે મિનિટ પણ થાહે તો ઈની પાવલી વધારે દેવી પઈળશે." "અરે ! ભીમભાઈ કલાકની માથે એક મિનિટ નો થાય," "એમ કહી હું સાઈકલની સીટ પર ગોઠવાઈ જતો. ત્યાં વળી પાછા ભીમભાઈ બોલેઃ "જો સાઈકલમાં કંઈ થાહે તો ઈના બે રૂપિયા હો..." "સિંતા નો કરો તમારી સાઈકલ ઈ મારી સાઈકલ એમ જ હમજો." એમના જેવો જ લોકલહેકો કરી હું સાઈકલ લઈ નીકળી પડતો. જાણે મેં જગ જીતી લીધું હોય એમ સન...ન...ન... કરતો રામાપીર ને ખોડિયાર માના મંદિરે થઈ સીધો ઘરે આંટો મારતો. પછી તો શિવમંદિર, ગામનો ગોંદરો, ગરબીચોક, શાળા, અવેડો, ટાંકાવાળી શેરી, ડેમ, કૂવો, નેવરિયા બાપાની રાયણ, ગામનું પાદર એમ કલાકમાં તો આખું ગામ વીંધી નાખતો. પાછા વચ્ચે અમારી સાથે ભણતા મૂકા, રમેશ કે હિતાનું ઘરે આવે તો ટંકોરી તો મારતો જ. એનેય ખબર પડે કે મેં સાઈકલ ભાડે લીધી. એમાં પણ જો કોઈ છોકરીનું ઘર આવે તો પાછો ટંકોરી પર સંયમ રાખવો પડતો. એ સમયે સંયમનું કારણ ખબર ન હતું પણ ટંકોરી ન મારવી એટલી જ ખબર પડતી.

એ વખતે સાઈકલમાં બ્રેક કે પાછળ બેસવાનું કેરિયર ન હતું. ભાડે આપનારની શ્રદ્ધા હતી જો બ્રેકવાળી સાઈકલ હશે તો બધા બ્રેક મારીમારીને

 ISSN 0976-9609

સાઈકલના ટાયર અડધા કરી દેશે. અમારી અંદર પણ હુન્નર કાંઈ ઓછું ન હતું. બરાબર હેંડલની નીચે પંખા (મડગાર્ડ) વગરના વ્હીલમાં પગનો એવો તો પંજો મારતો જાણે સાઈકલ અમારો પંજો ઓળખતી હોય તેમ ત્યાં ને ત્યાં જ ખીલો થઈ જતી. એકવાર તો ભીમભાઈની સામે જ સાઇકલ ખીલો કરી દીધી. પહેલા તો એમણે કંઈ ના કહ્યું પણ બીજીવાર સાઈકલ લેવા ગયો ત્યારે કહ્યું: "સોરા તું ચપ્પલા (ચંપલ) ને બ્રેક્ના ડટ્ટા તરીકે કામ લગાળે છે. હો.. જો ચપ્પલા અહીં કાઢીને જા તો જ સાઈકલ ભાળે આપું." સાઈકલ ભાડે લેવા ખુલ્લે પગે થઈ જઉં પડતું. કો'ક પાસેથી ચપ્પલનો જુગાડ તો કરી જ લેતો. એ વખતે સાઇકલ પાછળ કોઈ બેસે નહીં એટલે દુકાનવાળા કેરિયર કાઢી નાખતા. અમે આઠ આના કે રૂપિયો ભાડું આપ્યું હોય ને કોઈને ન બેસાડીએ એવું બને ખરું ! બરાબર પાછળના વ્હીલની ધરી ઉપર મારા દોસ્ત કારિયાને ઊભો રાખું. એ પણ મારો ખભો પકડીએ ઘોડા ઉપર બેઠો હોય એમ પાછળ ડોલતો આવે. આમ એને પણ આખું ગામ ફેરવું. પાછો બીજો કોઈ સખો મળે તો આગળના ડાંડલે લટકાવું પણ ના તો ન જ પાડું.

એકવાર મારા મામાને ઘરે ગયો તો મામાએ કહ્યું "ભાણા તારે શું લેવું ?" "મામા, બીજું કાંઈ નહીં પણ એક ઘડિયાળ લઈ આપો." "અરે ! ભાણા ઘડિયાળની શું જરૂર છે !" "જોઉંને મામા આ ભીમભાઈની માથાકૂટ છે. પાંચ મિનિટ સાઈકલ મોડી થાય તો સીધો પાવલીનો ચૂનો લાગી જાય. ઘડિયાળ હોય તો વખતની ખબર પડે, બાકી સ્કૂલના ઘંટનો અવાજ તો ઘરની દીવાલે અથડાયને કાન સોંસરવો નીકળી જાય છે." ગામમાં આવતા જ નવી ઘડિયાળની જાણ પહેલા સાઈકલવાળાને કરી આવતો. ખરેખર સાઈકલ ચલાવવાની મજા તો વરસાદમાં હો... પાણીનું ખાબોચિયું ભર્યું હોય ને તેમાં સળસળાટ કાઢતો જાણે આસપાસ પાણીનો ફુવારો જ જોઈ લો. એમાં પણ આસપાસ કોઈ ચડી આવે તો 'ધબ્બા માસ્તર' જ સમજી લો. એકવાર તો કિચડમાં સાઈકલ લપસી ગઈ ને બરાબર જમણા હાથ પર આખા શરીરનું વજન આવી ગયું. મને કોઈ જોઈ લેઈ એ પહેલા તો પેન્ટ ખંખેરીને ગોલી થઈ ગયો. પછી તો ધીરે ધીરે હાથમાં દર્દ ચાલું થયું. કલાકમાં તો સોજો આવી ગયો. મારા બાપાએ પૂછ્યું: "એલા, આ કેમ કરતા પોપટ પાર્યો ?" જો સાઈકલમાંથી પડી ગયો એમ કહું તો પાછા પૈસા ન આપે. "કંઈ નઈ બાપા, આ તો અમથો હાઈલો આવતો તો ને વાહે કૂતરું થ્યું, તો દોઈડો ને એમાં..." મારા બાપા એમ કંઈ વાત માની લે તેવા ન હતા. તેમણે તો કહ્યું: કૂતરું વાહે થ્યું તું કે પછી ભીમલાની સાઈકલમાં સેક્સલી કરતી તો..." "અરે બાપા તમને તો ખબર છે ને ઈ સાઈકલ મારો હાથ વરતે છે, તે કંઈ પડતો હશે?" "તો હાલ હવે નાથાભાઈ વૈદ્ય પાસે હાથ ચડાવી આવીએ." એમ કહી તે મને હાડવૈદ્ય પાસે લઈ ગયા. વૈદ્યે એવો તો હાથ સીધો કર્યો કે મારી રાડ ફાટી ગઈ ને મોંમાંથી શબ્દો નીકળી ગયા. 'હે મા ! હે બાપા ! હવે, તો સાઈકલ ધીરે... ધીરે.... ચ... ચ... ચલાવું.' મારા બાપા મારો ગણગણાટ સાંભળે તે પહેલા તો વું...વું...આ...આ.. કરવા લાગતો.

આ પછી તો છએક મહિના સાઈકલની દુકાને ડોકાયો જ નહીં અને મારા બાપા પણ મને સાઈકલ ભાડે લેવાના પૈસા ન આપતા. એમાં એક દિવસ મારી ફઈનું સગપણ કરવાનું એટલે છોકરાવાળા ઘરે આવ્યા. ચા-પાણી પીને ચાલતા થયા ત્યારે મારી સામે દસની નોટ ધરી. ઘરની શિખામણ પ્રમાણે મેં ના પડી પણ એ માણસ સજ્જનને એટલે નોટ મારા ખિસ્સામાં નાખી દીધી. "આ દસ રૂપિયાની વિગત બા મને પૂછે એ પહેલા તો હું ભીમભાઈની દુકાને પહોંચી ગયો. આ દસ રૂપિયાની નોટ છે. બોલો કેટલી કલાક આપશો ?" એમનો જવાબ હતો. "આખો દી" આમ પણ રવિવાર હતો એટલે જાણે છ મહિનાની મજા એક સાથે જ લૂંટવા નક્કી કરી લીધું. બાપાની બીકે ગામમાં તો સાઈકલ ફેરવવી એ પગ પર કુહાડી મારવા બરાબર હતું એટલે પાંચેક કિ.મી. દૂર આવેલ બાજુના ગામમાં ફેરવવા ગયો. સાથે મારા મિત્ર હિતાને પણ બેસાડતો ગયો. એ દિવસે તો એવો આનંદ લૂંટ્યો કે જાણે વરસની તરસ છીપાતી ન હોય. એમાં વળી પાછા ફરતી વખતે ગામનો સીમાડો આવતા જ

ISSN 0976-9609

પાછલા વ્હીલમાં પંચર પડ્યું. દિવસ પણ આથમવા આવ્યા હતો. હવે કરવું શું ? દસ રૂપિયા ભાડાના આપ્યા હોય તે કંઈ સાઈકલ દોરીને થોડું અવાય ? મારા મિત્ર હિતાને ચાલવા કહ્યું અને હું બરાબર હેંડલની બાજુના ડાંટલા પાસે બેસી સાઈકલ ચલાવવા માંડ્યો. એમાં પાછી હિતાએ ધમકી આપી કે મને સાઈકલ ચલાવવા દે નહીંતર તારા બાપાને બધું જ કહી દેઈશ. પછી તો હિતાએ પણ મારી જેમ પંચરવાળી સાઈકલ ચલાવવાનો આનંદ લૂંટ્યો.

પ્રકૃતિની નજીક પણ મને આ ભાડાની સાઈકલ જ લઈ ગઈ. તેના પર સવારી કરતા કરતા કેટકેટલા વૃક્ષો, નદી, તળાવ, ડેમ, વગડા, વાડી ને ખેતરો જોયાં છે. ગામમાં ટીમરું, જાંબુ, રાયણ, ચીકુ, કેરી, સિતાફળ, રાવણાં ને બીજા ઘણા બધા ફળો ખાવા પણ આ સાઈકલ લઈને જ નીકળી પડતો. એમાં પણ મારું ગામ ગીરના જંગલની લગોલગ આવેલ એટલે હરણ, નીલગાય, શિયાળ, સસલાં, નોળિયું, સાપ જેવા જાનવરો પણ જોયા. મારી ભલે એક-બે કલાકની આ સવારી હોય પણ તેમાં આસપાસની પ્રકૃતિનો ખોળો ખૂંદી લેતો. હું શાળાએ જતો ત્યાં પણ સાઈકલ ચલાવવાના મારા હુન્નરની બધાને રસપૂર્વક વાતો કરતો. તેમાં પણ ડાંડલે બેસવું, ફટાફટ બ્રેક મારવી, ત્રણ જણને પણ બેસાડવા, પંચર થયા પછી કેમ ચલાવવી વગેરે વાતોમાં તો રીતસર બધાને તરબોળ કરી દેતો. વાતોમાં ને વાતોમાં રીસેસ ક્યારે પૂરી થતી તે કોઈને પણ ખબર ન રહેતી. એક દા'ડો અમારી શાળામાં નટુ સાહેબે એની સાઈકલ બરાબર દરવાજાની સામે રાખી. એને જોવા હું આગલી હરોળની પાટલીએ બેઠો. એમાં પાછું ભાડાની સાઈકલ અને નટુ સાહેબની સાઈકલના લેખાજોખા કરતા વર્ગમાંથી ધ્યાન વિચલિત થયું. સાહેબે બધાની સામે ખખડાવ્યો ને પછી વર્ગની બહાર કાઢ્યો ત્યાં પણ મેં સુંવાળા હાથે સાહેબની સાઈકલનો સ્પર્શ કરવાનો આનંદ લૂંટ્યો. શાળામાં દર શનિવારે પી.ટી. થતી એમાં પણ હું કંઈ પાછો ન પડતો. એકવાર તો મારા શિક્ષકે મારી કસરતના વખાણ પણ કર્યા અને કહ્યું પણ ખરું કેઃ "તું ઘરે પ્રેક્ટિસ કરતો લાગે ?" મેં કહ્યુંઃ "ના સાહેબ, આ તો ભાડાની સાઈકલનો પ્રભાવ છે."

મારા ગામના ભનુભાઈ હઈ (દરજી) સાથે મારે સારું બનતું અને એ પણ પાછું સાઈકલને કારણે જ. પખવાડિયામાં એકવાર તો મારા પેન્ટનું પાયસું સાઈકલની ચેઈનમાં ફસાઈને ફાટે જ એટલે ભનુભાઈ સાથે ઘરોબો રાખવો જ પડે. તે પાછા સાઈકલના શોખીન અને એની પાસે નવીનકોર સાઈકલ હતી. હું એની સાઈકલના એવા તો વખાણ કરતો જાણે રાજદૂતને પણ પાછળ પાડી દેતો. જેમ જેમ વખાણ આગળ વધતા જાય તેમ તેમ પાયસામાં સિલાઈ ભરાતી જાય. મારા ગામમાં એક જ મોચી. મારે એની સાથે ન બને પણ બાપાને ખૂબ હૂંફાળા સંબંધ. બ્રેકના ડટ્ટા તરીકે ઉપયોગમાં લેવાતા મારા ચપ્પલ કે બૂટને મહિનામાં એકવાર તો તેની દુકાને દાખલ કરવા જ પડતા. તેઓ ડોક્ટરની પેઠે, કેમ તૂટ્યા ? ક્યારે તૂટ્યા ? જેવી તમામ વિગતો જાણીને પછી જ રિપેર કરતા. સાઈકલના કારણે તૂટ્યા એમ તો હું ન જ કહું. જો ભૂલમાંથી પણ કહેવાય જાય તો પાછા મારા બાપા સામે મારી બધી એ પોલ છતી કરે. એનો છોકરો મારી સાથે ભણે અને સાઈકલ પણ ચલાવે. એ મારા જેટલી સ્પીડમાં તો ન જ ચલાવી શકે એટલે એના બાપાને હાથો બનાવી મારી લાઈન નાની કરવાનો એક પણ પ્રયાસ ચૂકે નહીં.

આજે કાર-બાઈકના ધસમસતા પ્રભાવમાં આવ્યા છતાં ઘરે એક સાઈકલ તો રાખી છે. સવાર-સાંજ તેની સવારીનો આનંદ પણ લૂંટું છું. એ પણ પાછી લોકો જોતા રહે તેવી ડિશ બ્રેક, ગીયર અને અન્ય સુવિધાથી સંપન્ન, ગમે તેમ હોય પણ પગના પંજાથી રોકાતી ને કેરિયર-પંખા (મડગાર્ડ) વગરની એ ભાડાની સાઈકલમાં જે આનંદ આવતો તે આ કાર, બાઈક કે આધુનિક સાઈકલમાં નથી આવતો એ તો સ્વીકારવું જ રહ્યું.

---

મદદનીશ પ્રાધ્યાપક, (GES-II) ગુજરાતી
કવિશ્રી દાદ સરકારી વિનયન અને
વાણિજ્ય કોલેજ પડધરી, રાજકોટ



ISSN 0976-9609

**|| સામાજિક ||**

## ઊડતા યુવા – યુવાવસ્થામાં વ્યસનનું દૂષણ

**દર્શક કે. પરમાર**

કિશોરાવસ્થા એ સંક્રમણાત્મક તબક્કો છે જે સામાન્ય રીતે તરુણાવસ્થાથી પુખ્તવય સુધીના સમયગાળા દરમિયાન થાય છે. તે યોગ્યતા, સ્વતંત્રતા, સ્વાભિમાન અને સંબંધોમાં વૃદ્ધિની તક આપે છે, પરંતુ તેની સાથે સાથે સંકળાયેલા મોટા જોખમો પણ છે. માદક દ્રવ્યોનો દુરુપયોગ એ ભયજનક જોખમોમાંનું એક છે. યુવાનોમાં વ્યસનની સમસ્યા દિવસે દિવસે વધી રહી છે. અમુક પ્રદેશોમાં આ સમસ્યા ગંભીર બનતી જણાય છે જેના કારણે યુવાનો વ્યસનોના ગુલામ બની જાય છે અને તેમનું, સમાજનું તેમજ દેશનું ભવિષ્ય જોખમમાં મૂકે છે. વ્યસનની જટિલ સમસ્યા રજૂ કરતું, 'ઊડતા પંજાબ' નામનું મુવી પણ આવ્યું હતું. યુવાનો એ આ દેશની મહામૂલી મૂડી છે. તરવરિયા, ખડતલ અને સાહસિક યુવાનો હંમેશાં દેશને દીપાવવાનું ઉમદા કાર્ય કરી શકે. માનસિક સમસ્યાઓ જેમ કે ડિપ્રેશન, વિકાસશીલ ક્ષતિઓ, ઉદાસીનતા, અન્ય મનોસામાજિક તકલીફો એ વારંવાર કિશોરોમાં માદક દ્રવ્યોના દુરુપયોગ સાથે સંકળાયેલી હોય છે. ડ્રગના ઉપયોગથી શરીરને થતા લાંબા ગાળાના નુકસાન ઉપરાંત, સોયનો ઉપયોગ કરનારાઓને એચઆઈવી અને હેપેટાઈટિસ-બી અને સી થવાનું જોખમ રહેલું છે. આજે આપણે જ્યાં ને ત્યાં સાંભળીએ છીએ કે, યુવાપેઢી માદક-કેફી દ્રવ્યોની લતે ચઢીને પોતાની યુવાની ખત્મ કરી રહી છે. સ્કૂલો, કોલેજો નજદીક કેફી પદાર્થો વેચતાં અસામાજિક તત્ત્વોના અડ્ડાઓ ચાલે છે અને પોતાનાં મા-બાપોથી દૂર હોસ્ટેલોમાં રહેતાં યુવાનો-યુવતીઓને ભોળવીને હળવે હળવે આ દ્રવ્યોના વ્યસની બનાવી દે છે. ઘડી-બે ઘડી માટે દીવાસ્વપ્નોમાં ખોવાઈ જતાં યુવાનો-યુવતીઓ ધીરે ધીરે શારીરિક અને માનસિક શક્તિઓ ખોઈ બેસે છે, અને ખોખલો માંયકાંગલો યુવાવર્ગ સમાજ સમક્ષ ઊભો થતો જાય છે. આપણા દેશમાં ડ્રગ્સના સેવનને કારણે દર વર્ષે સેંકડો વ્યક્તિઓ કમોતે મરે છે તો સેંકડો વ્યક્તિઓ આત્મહત્યા પણ કરે છે. આ આંકડાઓ તો પોલીસ દ્વારા જાહેર થયા હોય, એ છે. એ સિવાય આત્મહત્યાની ઘણી બધી ઘટનાઓ અને ડ્રગ્સને કારણે ઘણી વ્યક્તિઓ કમોતે મરે એવી ઘણી ઘટનાઓ પોલીસ સુધી પહોંચતી પણ નથી હોતી અને કોઈ ઘટના ખૂબ ગાજે ત્યારે દેશના અખબારોમાં એની નોંધ લેવાતી હોય છે.

વિશ્વ આરોગ્ય સંસ્થાના સર્વેક્ષણ પ્રમાણે દરેક ૧૦ મિનિટમાં એક યુવાન કોઈપણ પ્રકારના વ્યસનને વળગે છે. દર ૧૦ માંથી ૪ યુવાન કોઈ પ્રકારના વ્યસની પદાર્થનું સેવન કરે છે, જેમાંથી ૩ યુવાનો વ્યસની બની જાય છે. દુનિયાભરમાંથી ૧૦૦ માંથી ૧૮ મોત વ્યસન અથવા તો એના કારણે થતી કોઈ બીમારીના કારણે થાય છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારત દેશ એકલામાં ૧૮ વર્ષની વયથી નીચેના ૩૦-૪૦ ટકા યુવાનો વ્યસનના વંટોળમાં ફસાઈ ચૂક્યા હશે, જેમાં ૨૫ થી ૩૦ ટકા આ વ્યસની જૂથનો ભાગ છોકરીઓ પણ હશે. રાષ્ટ્રીય સર્વે અનુસાર, ગુજરાતમાં વર્ષ-૨૦૧૮ના આંકડા મુજબ, ૧૭ લાખથી વધુ પુરુષો ડ્રગ્સના બંધાણી છે જ્યારે ૧.૮૫ લાખ મહિલાઓમાં પણ ડ્રગ્સની લતે ચડી છે. આ પરથી સાબિત થાય છે કે, ગુજરાતમાં કેટલી હદે ડ્રગ્સનો કારોબાર ફૂલ્યો ફાલ્યો છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરો (NCRB) ના આંકડાઓ પ્રમાણે ૨૦૨૨ના વર્ષમાં આપણા દેશમાં ડ્રગ્સના ઓવરડોઝને કારણે ૬૮૧ વ્યકિતનાં જીવનનો અકાળે અંત આવી ગયો હતો. ડ્રગ્સના ઓવરડોઝને કારણે થતા મોતમાં ગુજરાત દેશમાં ત્રીજા ક્રમે આવી ગયું છે. સરકારે, સમાજે સવેળા જાગૃત બનીને આ દૂષણને જડમૂળથી ઉખેડી નાખીને આપણી યુવા પેઢીને વિનાશના માર્ગેથી પાછી વાળવી પડશે. સાથોસાથ લોકોને આવા ઈન્ટરવ્યુ દ્વારા, વ્યાખ્યાનો દ્વારા, વ્યસનોની ભયાનકતાનો ખ્યાલ આપવાનો સરકારે, શૈક્ષણિક સંસ્થાઓએ, સમાજે તથા જાગૃત

નાગરિકોએ પ્રયાસ કરવો પડશે. નશાબંધી સપ્તાહ, વ્યસનમુક્તિ, સપ્તાહ ઉજવાય, એ તો સારી વાત છે પરંતુ આ પ્રાસંગિક કામ નથી, સતત કરવું જોઈતું લોકહિતકારી કામ છે.

**વ્યસન કોને કહેવામાં આવે છે ?**

વ્યસન અને ટેવ બંને અલગ છે. જે ક્રિયા અથવા પદાર્થ બંધ કરવામાં આવે અને શરીર પર કે મન પર સામાન્ય અસર સિવાય તકલીફ ન થાય તેને ટેવ કહેવામાં આવે છે. પરંતુ જે પદાર્થ વ્યકિત દરરોજ લેતી હોય અને બીજી વાર ન લેવામાં આવે ત્યારે તેને શારીરિક અને માનસિક તકલીફ ઊભી થાય છે, આથી જે તે વ્યક્તિએ ફરીથી આ તકલીફો દૂર કરવા તે પદાર્થ લેવો પડે છે અને જો ન લે તો તેણે સાઈકિયાટ્રિસ્ટ (માનસિક રોગોના નિષ્ણાત) પાસે સારવાર ફરજિયાત લેવી પડે છે. તેને વ્યસન કહેવામાં આવે છે.

**યુવાન સામાન્ય રીતે કયા પદાર્થોનો વ્યસન તરીકે સેવન કરે છે ?**

યુવાનો દ્વારા સૌથી વધુ ઉપયોગમાં લેવાતા વ્યસન પદાર્થોમાં દારૂ, તમાકુ, ગાંજો અને અફીણ ઉપરાંત ચરસ, મેન્ડ્રેક્સની ગોળીઓ, બ્રાઉન સુગર, હેરોઈન, બારલીચ્યુરેટસ, બેન્જોડાયા જોયિન્સ, એમ્ફીટા-માઈન નામની ગોળીઓ, મારીજુઆના, કોકેઈન, એલ.એસ.ડી અને તેની બનાવટો મુખ્ય છે.

**વ્યસનો થવાનાં કારણો સામાન્ય રીતે ક્યાં ક્યાં હોય છે ?**

વ્યસન (એડિકશન) થવાનાં ઘણાં કારણો છે. હાલની પ્રવર્તમાન સ્થિતિમાં દરેક મનુષ્ય સમયનો અભાવ મહેસૂસ કરે છે, વધુ પડતી જવાબદારીઓ હોય છે, અને જુદા જુદા રોગોથી પીડાય છે. વ્યસનો ઘણી જાતનાં છે. તેમાં દરેક વ્યસનને ધ્યાનમાં લઈને નહીં, પરંતુ બધાં વ્યસનોને ધ્યાનમાં રાખી કયાં કારણોસર માણસ વ્યસન તરફ ધકેલાઈ જાય છે તે આપણે જોવા પ્રયત્ન કરીએ. અમુક વ્યસનનાં કારણો, બીજા વ્યસન જોડે સુસંગત ન પણ થતાં હોય તેથી આપણે સામાન્ય વચલો રસ્તો કાઢીએ છીએ. વધુ પડતી મહત્ત્વાકાંક્ષાઓ કે જે પૂરી ન થઈ અને તેનાથી મનુષ્ય હતાશા અનુભવે અને બીજા માણસો કે જે વધુ સફળ થયા હોય તેમની સરખામણી કરે ત્યારે વ્યક્તિ વ્યસન તરફ જવા પ્રયત્ન કરે છે.

જિજ્ઞાસાને હિસાબે કોલેજ, ધંધા, નોકરી વગેરે મિત્રવર્તુળમાં વ્યક્તિ વ્યસનવાળા પદાર્થની અનુભૂતિ કરવા માટે શરૂઆતમાં થોડી આનાકાની કરી અને પદાર્થનું સેવન કરે છે. શરૂઆતમાં તેને થોડી શારીરિક અને માનસિક તકલીફ પડે છે. પરંતુ થોડા સમય પછી તે પદાર્થ ન મળે એટલે બહુ જ શારીરિક અને માનસિક રીતે પીડાવા માંડે છે અને વ્યસની બને છે. વ્યક્તિના પોતાનામાં જ ઊણપ હોય છે. જેથી તે તેના મિત્રવર્તુળ, ધંધામાં પ્રવૃત્તમાં સ્થિર થઈ શકતો નથી. તે પોતે હતાશા, નિરાશા અને ઘણી વખતે માનસિક રોગી પણ બની જાય છે.

વ્યસન વધવાના કારણોમાં થોડા ઘણા અંશે અપર મીડલ કલાસ અને અપર કલાસના યુવાનોના માતા-પિતા પણ જવાબદાર હોય છે. આ વર્ગના માતા-પિતા તેમના સંતાનોને જરૂરિયાત કરતા વધારે સગવડો અને પોકેટમની આપે છે, જેનો ઉપયોગ આ વર્ગના યુવાનો વ્યસનોમાં જાણે અજાણે કરતા થઈ જાય છે. માટે આ વર્ગના માતા-પિતાએ સંતાનોને જરૂર કરતાં વધારે સગવડ અને રૂપિયા ન આપવા જોઈએ તેવું મારું સ્પષ્ટ માનવું છે.

આપણા દેશમાં વિવિધ પ્રકારની સંસ્કૃતિ, લોકો અને રીતરિવાજો છે. અમુક જ્ઞાતિ કે રીતરિવાજ-ને હિસાબે વ્યસની પદાર્થ લેવો ફરજિયાત બની જાય છે. અને માણસ વ્યસન તરફ ધકેલાઈ જાય છે. બીજાં ઘણાં કારણો છે. પરંતુ ટૂંકમાં જણાવું તો, જેમને વ્યસન માટે જરૂરી સાધનો, પદાર્થો વગેરે મળી રહેતાં હોય તેવા લોકો જલદીથી વ્યસન તરફ ધકેલાય છે.

યુવાનો દરેક દેશમાં કરોડરજ્જુ સમાન છે. જો


ISSN 0976-9609

જે તે દેશની કરોડરજ્જુ ભાંગી જશે તો તે દેશ ખતમ થઈ જશે તેના દાખલાઓ ઈતિહાસમાં મોજૂદ છે. ડ્રગ્સનો ઉપયોગ અને વ્યસન અટકાવી શકાય તેવું છે. પરિવારો, શાળાઓ, સમાજ, મીડિયાઓ અને સરકારે સાથે મળી જાગૃતિ માટે કાર્યક્રમ કરવાથી આ રાક્ષસી દૂષણને ડામી શકાય છે. વ્યસન છોડવાને કારણે વિચારવાયુ થાય તો સાઈકિયાટ્રિસ્ટની સારવાર લેવી જોઈએ. અભિનેતા સંજયદત્ત જ્યારે ડ્રગ્સનો વ્યસની થઈ ગયો હતો ત્યારે તેણે પણ અમેરિકામાં સારવાર લીધી હતી. વ્યક્તિ જ્યારે વ્યસનમાંથી બહાર આવે ત્યારે સમાજે તેની નોકરી, ધંધા વગેરે માટે બનતી કોશિશ કરવી. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ દ્વારા આલ્કોહોલિક ડ્રગ આશ્રિત વ્યક્તિઓને મદદ કરવા માટે રાષ્ટ્રીય ટોલ ફ્રી હેલ્પલાઈન (૧૮૦૦-૧૧-૦૦૩૧) શરૂ કરી છે.


વ્યાખ્યાતા,
બી. એન્ડ બી. ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી,
વલ્લભ વિદ્યાનગર


**કરે વ્યસન તો જીવન બરબાદ છે, બરબાદ જીવનમાં શું આબાદ છે !**
**આબાદ રહેવા સંકલ્પ જરૂરી છે, વ્યસનમુક્તિનો મંત્ર જરૂરી છે.**
**કૌશિક દવે**

* * *

**છોડો નશા ઔર શરાબ, ન કરો જીવન ખરાબ !**
**કુછ પલ કા નશા, સારી ઉમ્ર કી સજા !**

* * *

*સ્વયંમ થાવ વ્યસન મુક્ત.*
*વ્યસનનું બંધન એટલે મનની સ્વતંત્રતા ગુમાવવી.*

**।। વિદ્યાવૃત્ત ।।**

**ચારુતર વિદ્યામંડળ સંચાલિત હાયર સેકન્ડરી હોમ સાયન્સ સ્કૂલ ખાતે આરોગ્યની ચકાસણી**

તા.૨૨ ઓગસ્ટ ૨૦૨૪ ગુરુવારના રોજ વિદ્યાનગર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર એમ.પી. એચ.ડબલ્યુ. મેહુલભાઈ પૂંઘેરા અને તેમની ટીમ દ્વારા શાળાની વિદ્યાર્થિનીઓની હિમોગ્લોબિન તથા આરોગ્યની ચકાસણી કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સ્પોર્ટ્સ ઈન્ચાર્જ શ્રી અનિલભાઈ પ્રજાપતિ તથા શાળાના સિનિયર શિક્ષિકા ડોલીબેન મોહે દ્વારા શાળાના આચાર્ય શ્રીમતી આશાબેન પટેલના માર્ગદર્શન હેઠળ થયું હતું.

|| પ્રાસંગિક ||

## ગુજરાતની કલાસંસ્કૃતિમાં ગરબાનું અનેરૂં સ્થાન, "લોલ" શબ્દની વ્યાપક અસર

**અશોક સોમપુરા**

**પ્રાથમિક ભૂમિકા** :

ગુજરાતની કલાસંસ્કૃતિમાં ગરબા અને લોકગીતનું અનેરું સ્થાન છે. આ ગરબા અને લોકગીત ગાતી વખતે ગીતના અંતમાં આવતો "લોલ" શબ્દ ગીતની મીઠાશને વધારે છે. ગુજરાતી શબ્દકોશ મુજબ "લોલ" શબ્દનો અર્થ (૧) ચંચળ (૨) સુંદર (૩) આતુર અને ગરબાના ગીતની છેડે આવતો શબ્દ એમ થાય છે. આ શબ્દની એક આગવી વિશિષ્ટતા છે.

**'લોલ' શબ્દ :** ભારતીય સંસ્કૃતિમાં વિવિધ પ્રકારની કલાઓ આગવું સ્થાન ધરાવે છે. આ કલાઓથી સમગ્ર વિશ્વમાં આપણો દેશ પૂરા આદર સાથે ઓળખાય છે. જગતના અન્ય દેશો કરતાં આપણી કલાસમૃદ્ધિ વિશેષ છે, વિશિષ્ટ પણ છે. ભારતના દરેક રાજ્યો પોતાની રીતિ-નીતિ અને રિવાજ પ્રમાણે જુદી જુદી કલાઓ ધરાવે છે. ગુજરાતી ભાષામાં લોલ શબ્દ ખાસ કરીને આપણને ગીતો અને ગરબામાં વણાયેલો જોવા મળે છે. જેનો બીજો વધારાનો અર્થ થાય છે. હા હા હા. જેનું અંગ્રેજી રૂપ LOL છે. જેનું પૂરૂં રૂપ Laugh out Loud થાય છે. એટલે કે મોટેથી હસવાને કહે છે. આ શબ્દ મોટેભાગે હસવું, ગમ્મત કે આનંદ સાથે સંકળાયેલો છે. એવા અનેક લોકગીતો છે. જેમાં ગીતને અંતે "લોલ" શબ્દ આવે છે. જે અનેરા ભાવ જગાડે છે.

**સહિયર મોરી શરદપૂનમની રાત જો**
**અજવાળા પડે રે માણેકચોકમાં રે લોલ !**

અહીં અજવાળી રાતની શોભા લોકહૃદયમાં કેવી રીતે ઊર્મિ જગાડે છે. આપણાં ગરમ દેશમાં શીતળ ચંદ્ર અને ચાંદની રાત કરતા આપણી ગુજરાતણોનું બીજું વધારે સુખમય શું લાગી શકે ? એટલે જ તો હોડ થાય છે અને સાહેલીઓને સાદ પાડે છે. ચાલો ગરબે રમવા. આ ગરબાનું એક આગવું અને વિશિષ્ટ લક્ષણ પણ છે. આપણી કલાસંસ્કૃતિમાં આવા લોકગીતો અને ગરબા એકતાનો ઉત્તમ ભાગ છે.

નવરાત્રિના ઉત્સવ દરમિયાન માતાજીના નામે ગરબા ગવાય છે. જેમાં સ્ત્રી-પુરુષ સાથે મળીને ગરબે રમતા દેખાય છે. ક્યારેક ગરબામાં મસ્તીનો ભાવ પણ જોવા મળે છે. જેમ કે...

**"પાટણ શહેરને પાદર પીપળો રે લોલ**
**કે રસિયા ત્યાં બંધાવો હાલર હીંચકો રે લોલ**
**કે રસિયા એ હીંચકે આપણે બે જણા રે લોલ"**

આમ, આવા ગીતોમાં રમવાનો આનંદ અને તેનો થનગનાટ સૂર અને તાલમાં આબાદ રીતે ધબકે છે. પ્રાણશક્તિમાં ઉમેરો થાય છે.

**'લોલ' શબ્દનું બીજું સ્વરૂપ** - 'લોલ' શબ્દનો બીજો પણ એક થાય છે. "Lots of Love" આજે ડિજિટલ યુગમાં ફેસબુક કે ઈન્સ્ટાગ્રામ જેવી સોશ્યલ નેટવર્કિંગ સાઈટમાં આ શબ્દનો ઉપયોગ થતો હોય છે. એક માહિતી મુજબ માર્ચ-૨૦૧૧ માં ઓક્સફર્ડ ડિક્ષનરીમાં LOL-લોલ શબ્દનો સમાવેશ કરવામાં આવ્યો છે.

**'લોલ' શબ્દની અસરકારકતા :**

'લોલ' શબ્દનું જ્ઞાન સૌને હોવાથી આખું ટોળું એક સાથે ગાય છે. અને ગીતનો આનંદ લૂંટે છે. વળી કોઈ વ્યક્તિને આ ગીતના પ્રકારની જાણકારી ન હોય તો પણ તેને લોકગીત સમજે છે. આવા લોકગીતો એ લોકવિદ્યાનું પણ એક સ્વરૂપ છે, જે લોકકંઠે ગવાયેલું છે. આથી તે લોકજીવનનો આયનો બની રહે છે. આનંદનું માધ્યમ બની રહેતો આ શબ્દ એક અનેરું માધુર્ય અને લાઘવતા પ્રદાન કરે છે. વળી 'લોલ' શબ્દથી ગીતમાં અંત્યાનુપ્રાસ અલંકાર જળવાઈ રહે છે. જે આ શબ્દની અસરકારકતા વધારે છે. આ શબ્દ એ ખૂબ સામાન્ય ભાષાનો શબ્દ હોવાથી કોઈને પણ અઘરો લાગતો નથી. આથી તે શબ્દની અસરકારકતાને મજબૂતાઈ આપે છે.


ISSN 0976-9609

આવાં લોકગીતો, ગરબાઓ, પ્રસંગ, આનંદ ઉત્સવ, લગ્ન પ્રસંગે, ક્યારેક ધાર્મિક પ્રસંગે ગવાતા હોય છે. આવાં ગીતો લોક કંઠે ગવાયેલા હોઈ, તે એક આગવું સર્જન છે. તેમાં લય-પ્રાસ-આરોહ-અવરોહ મહત્ત્વના હોતા નથી. કેમ "લોલ" શબ્દથી પ્રાસ બેસી રહે છે. સૌ કોઈને તે ગાવામાં, ઝીલવામાં સરળતા રહે છે. આનંદ પણ આપે છે, જે તેની અસરકારકતાની માત્રામાં વધારો કરે છે.

આપણા અનેક ઉત્સવો કલા-સંસ્કૃતિના અખંડ ભાગ બની રહેતા હોય છે. તે આનંદ આપનારા હોય છે. કલાને પૂર્ણ આનંદથી પામતો માણસ એના મનમાં પડેલી કટુતા અને તેની ખોટી માન્યતાઓને ભૂંસી નાખે છે. આવો આનંદ કાયમ રહેતો હોય છે. આજનો માણસ જીવનની સુખાકારી માટે અનેકવિધ પ્રવૃત્તિઓ કરે છે. આર્થિક, સામાજિક, વ્યાવસાયિક કે બીજી અન્ય પ્રવૃત્તિમાં પણ રસ રાખે છે, જેમાં કલા, અભિનય, રમત-ગમત, વક્તવ્ય, નૃત્ય, નાટક, ધાર્મિક પ્રસંગો અને ગરબા જેવી બીજી અનેક બાબતોનો સમાવેશ થાય છે. તે આવી પ્રવૃત્તિમાં પોતાની જાતને જોતરીને આનંદ માણી લેતો હોય છે.

ભારતની કલાસંસ્કૃતિના ગર્ભમાં અનેક રત્નજડિત મોતીઓ પડેલા છે. તેમાં રહેલા ઉમદા ગુણતત્ત્વો પ્રસન્નતાની આભા ઊભી કરે છે. આપણું સંગીત અને નૃત્ય વિશ્વ માટે ધ્યાનાકર્ષક આવડતને જનસમુદાયમાં રજૂ કરીને સારા સમાજની સભ્યતા કેવી મધુર હોય છે, તેના દર્શન કરાવે છે. ગીત-સંગીત નવી ચેતનાને સંચાર કરે છે. જે તેના માનસપટ પર લાંબો સમય ટકી રહે છે. કારણ કે તેનામાં ગાવાની, રમવાની અને ઝૂમવાની આવડત હોય છે. આથી ભવિષ્યમાં પ્રસંગોપાત્ત તે તેનો ઉપયોગ કરી પોતાના આનંદને પુનઃ જીવિત કરી શકે છે.

**'લોલ' શબ્દ સાથે લોકગીતનો સંબંધ :**

આપણે જાણીએ છીએ તેમ લોકગીતની રચના કરનાર કોઈ ચોક્કસ વ્યક્તિ હોતી નથી. આવા ગીતો લોકો ઉમળકાથી ગાય છે. લોકજીવનમાં પ્રસરી ગયેલાં કેટલાંક ગીતો જે તે પ્રસંગે ગાવામાં આવે તેની પ્રેમપૂર્વક માંગણી પણ કરવામાં આવતી હોય છે.

વિશેષમાં આપણે આગળ જોયું તેમ 'લોલ' શબ્દમાં પ્રાસ અને પ્રસંગને ઉદ્ભવવાની આગવી કળા હોય છે. આ શબ્દ બધા જ બંધારણને પોતાનામાં જકડી રાખે છે, જે લોકગીત સાથેના તેના અતૂટ સંબંધનો ખ્યાલ આપે છે.

**એકતાનું પ્રતીક :**

લોકગીત અને ગરબા ઘણીવાર ભેગા મળીને ગવાતા અને સાથે મળીને રમાતા હોય છે. તેમાં વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના વિરોધને કોઈ સ્થાન હોતું નથી. ગરીબ-તવંગર કે નાતજાતનો કોઈ ભેદભાવ હોતો નથી. આ એક ગરબાનું આગવું અને વિશિષ્ટ લક્ષણ છે. આમ આપણી કલાસંસ્કૃતિમાં આવા લોકગીતો અને ગરબા એકતાનો ભોગ બને છે તેમજ સૌ સાથે રહી શકે તેવી સંભાવનાનું સહિયર અને સમૂહની એકતાના દર્શન કરાવે છે. આવો, આ ગરબા સાથે સંકળાયેલ ભાવને માણીએ.

**"રાધાજીના ઊંચા મંદિર નીચા મોલ,**
**ઝરૂખડે દીવા બળે રે... લોલ"**

**"રાધા ગોરી ગરબે રમવા આવો**
**સાહેલી સૌ ટોળે વળી રે.... લોલ"**

**"ક્યાં છે મારા માનસંગભાઈના ગોરી**
**હાથલડે હીરા જડ્યા રે.... લોલ."**

**"ક્યાં છે મારા વિરસંગભાઈના ગોરી**
**પગલડે પદમ્ જડ્યા રે... લોલ."**

**"ક્યાં છે મારા રામસંગભાઈના ગોરી**
**મુખલડે ફૂલ ઝરે રે... લોલ"**

**"ક્યાં છે મારા હિરસંગભાઈના ગોરી**
**આંખલડે અમી ઝરે રે.... લોલ."**

અહીં દરેક સહિયરને તેના આગવા ગુણથી યાદ કરી બોલાવવામાં આવે છે. જેમકે, માનસંગ-ભાઈના ગોરી ક્યાં છે કે જેમના હાથે હીરા જડ્યા છે. પેલા વિરસંગભાઈના ગોરી ક્યાં છે ? કે જેમના પગે પદ્મ જડ્યા છે. પેલા રામસંગભાઈના ગોરી ક્યાં છે ? કે જેમના મુખમાંથી ફૂલ ઝરે છે. અને પેલા હિરસંગભાઈના ગોરી ક્યાં છે ? કે જેમની આંખમાંથી અમી ઝરે છે.

આવાં ગીતો નવો રોમાંચ અને વાતાવરણમાં ધાર્મિક ભાવ ઊભો કરે છે. આવી એકતા અને આનંદના લીધે માનવસમૂહ પોતાના દુઃખને ભૂલીને આનંદનો અનુભવ કરતો જોવા મળે છે. આ અનુભૂતિ સૌ માટે આહ્લાદક હોય છે.

ગુજરાતમાં ગરબાને માતા આદ્યશક્તિની પ્રાર્થના અને ઉપાસના તરીકે પણ ઉજવવામાં આવે છે. ગુજરાતી ગરબાએ જાતિ, ભાષા અને વિવિધ પ્રકારની ભેદભાવની રીતિ-નીતિથી ઉપર ઊઠીને સામાજિક સમરસતા મેળવી છે. હવે તો ગુજરાતનો ગરબો પરદેશમાં પણ સ્થાન પામ્યો છે. આ ગરબા માત્ર છે, જેને યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન સાયન્ટિફિક એન્ડ કલ્ચર ઓર્ગેનાઈઝેશન (યુનેસ્કો) ની માનવતાના અમૂર્ત સાંસ્કૃતિક વારસાની યાદમાં સ્થાન મળ્યું છે.

સ્ત્રી અને પુરુષ સાથે ગરબો અને ગરબી સંકળાયેલ છે. રાસ-ગરબા જુદા જુદા તાલ અને પદ્ધતિથી લોકો રમતા હોય છે. ગરબાના નામ સાથે પહેલા ગરબી શબ્દ પણ પ્રચલિત હતો. ગુજરાતના દરેક સ્થળે ગવાતા ગરબામાં કંઈક નવીનતા દેખાતી હોય છે. ગરબામાં પહેરવામાં આવતા જુદા જુદા પહેરવેશ ગરબાની આભાને વધારે સુંદર અને નયન-રમ્ય બનાવતી હોય છે. આવા ગરબાની કેટલીક વિશિષ્ટતા નીચે મુજબ પણ વર્ણવી શકાય.

એમ કહેવાય છે કે સંવત ૧૨૪૧માં રચાયેલા ભરતેશ્વર બાહુબલી રાસથી રાસયુગનો આરંભ થયો હતો.

આમ તો શ્રીકૃષ્ણ ભગવાનના સમયથી રાસ-ગરબા અસ્તિત્વ ધરાવે છે.

★ એવું પણ મનાય છે કે આચાર્ય હેમચંદ્રથી માંડીને ૧૬મી સદી સુધીનો સમય રાસયુગ પણ કહેવાયો હતો.
★ જુદા જુદા સાહિત્યમાં ગરબા-ગરબી અને રાસ એમ ત્રણ પ્રકારના ઉલ્લેખ જોવા મળે છે.
★ અમદાવાદના ભો.જે.વિદ્યાભવનમાં ગરબા-ગરબી સ્વરૂપમાં લખાયેલી ૩૦ હસ્તપ્રતો સચવાયેલી પડી છે.
★ દયારામ ગરબીશ્વર તેમજ ન્હાનાલાલ આધુનિક યુગના રાસેશ્વર ગણાતા.
★ આજે ગરબાનું સ્થાન વૈશ્વિક ફલક પર છે.

મરાઠા શાસનમાં ભદ્રના કિલ્લા પાસેના પરિસરમાં માત્ર પુરુષો ગરબા ગાતા. અમદાવાદ શહેરની ઓળખ સમાન ભદ્રકાળી માતાનું મંદિર મરાઠા શાસકોએ ઈ.સ.૧૭૮૨માં બંધાવ્યું હતું. ભદ્રનો કિલ્લો અને ત્રણ દરવાજાના ખુલ્લા પરિસરમાં તેમજ બીજા મંદિરમાં ગરબા ગવાતા હતા. જેમાં એકલા પુરુષો જ મૌખિક ગરબા ગાતા હતા. સ્ત્રીઓ માત્ર ગરબા જોવા આવતી.

ચિત્ર અને શિલ્પકળામાં પણ પ્રાચીન સમયમાં ગરબા સચવાયા છે. ભરતમુનિએ નાટ્યશાસ્ત્રમાં વર્ણવેલા ૧૦૮ કરણોના અર્ધ-શિલ્પ ચિદંબરમ્‌ના મંદિરમાં કોતરાયેલા છે. એમાં દાંડિયા સાથેના રાસનું પણ એક શિલ્પ છે. આ મંદિર ૬ થી ૧૨ મી સદીનું છે. ગુજરાતના વડનગરમાં આવેલા સોલંકીઓના સમયમાં એક મંદિરની છતમાં સંગીતની મંડળીનું શિલ્પ છે. જેનાં વાદ્યકારો વાંસળી, મંજીરા વગાડતા નજરે પડે છે. અને મધ્યમાં રાધાકૃષ્ણને સખીઓ રાસમંડળ રચી નર્તન કરતા જોવા મળે છે.

(સંદર્ભ : ઉપરોક્ત માહિતી ગુજરાત સમાચારના તા. ૯-૧૨-૨૦૨૩ વર્તમાનપત્રના પાન-૪ ઉપરથી તેમજ ગુ.સ.ના અન્ય વર્તમાનપત્રમાંથી પ્રાપ્ત કરેલ છે.)

### ગરબાની વિશેષ ઉપયોગિતા અને તેનો વ્યાપ :

આજે આનંદ મેળવવાના માર્ગો બદલાયા છે. ટેલિવિઝન, સોશ્યલ મીડિયા, નેટ-ઈન્ટરનેટ, મોબાઈલ અને એવા તો અનેક જાતનાં સાધનો વિવિધ પ્રકારના આનંદ જનસમુદાયને પીરસે છે. તે છતાંય આપણાં ગીતો, લોકગીતો, ગરબાઓ, ભજનો, શેરી મંડળીઓ, ચિત્ર-સંગીત અને નાની મોટી નૃત્ય નાટિકાઓએ આપણી કલા-સંસ્કૃતિને જાળવી રાખવાનું ઉત્તમ અને અખંડ કામ કર્યું છે.

પરિવર્તન સૃષ્ટિનો નિયમ છે. આવાં વિવિધ પરિવર્તનોમાં ઋતુઓનો બદલાવ, વિવિધ પ્રકારના તહેવારનું આગમન, સમાજના કે ઘરના માંગલિક કે ધાર્મિક પ્રસંગોથી માણસ ખુશ થાય છે. પોતાની રસ-રુચિ પ્રમાણે આવા સમયે આનંદ મેળવી લે છે.

વિશ્વના મોટાભાગના દેશો, રાજ્યો, જુદા જુદા કસબાઓ પોતાના રૂઢિ-રિવાજ અને શોખ મુજબ આવી કલાઓ વિકસાવે છે. અને તેનો આનંદ પોતાના જીવનમાં વણી લે છે. આજે ભારત બહાર પણ કયાંક ગરબા ગવાય છે. આ ગરબા માણસના અંદરના જગતને રળિયામણું બનાવે છે. દૈનિક જીવન, નોકરી, ધંધા, વેપાર, વ્યવસાય, સામાજિક વ્યવહારો, બાળકોનું શિક્ષણ અને આવી અનેક નાની મોટી વિટંબણાથી માણસ ઘેરાયેલો રહે છે. તેમાંથી તે છૂટી તો નથી શકતો, પણ તેમાંથી તેને થોડુંક સમય વિશ્રામ લેવાનું મન થાય છે. આવા સમયે આવી કલા તેને હૂંફ આપે છે. નવી તાકાત આપે છે. આવી વ્યકિત જ્યારે પોતાની દુનિયાદારીને ભૂલીને ગરબે ઘૂમે છે. ત્યારે તેને અનેરો આનંદ આવે છે. આથી આપણે એમ જરૂર કહી શકીએ કે આપણા ગરબા-લોકગીતોનું સ્થાન માનવ જીવનમાં વણાયેલું જ રહેશે...

અંતે... સમગ્ર જનસમુદાય આવી ભલી-રૂડી ભાવનાઓના રંગે રંગાયેલી ઉત્તમ કલાસંસ્કૃતિની પ્રણાલીને સમજે, તેનાથી ઉદ્‌ભવનારા વિધેયાત્મક વિચારો અને આનંદના મૂલ્યોનું સાતત્ય સ્વીકારે એ જ અભ્યર્થના સાથે...

છેલ્લે...આપણે એમ જરૂર કહેવું રહ્યું કે ગરબા-રાસ અને લોલ શબ્દ આપણી કલા અને સંસ્કૃતિના ગર્ભમાં સચવાયેલા છે. જે હંમેશા ઉદ્દીપક છે અને રહેશે.

૧૮૪-તપોવન સોસાયટી, વિભાગ-૨
અનિલ મિલ સ્ટાર્ચ રોડ,
આધુનિક સોસાયટી સામે, સરસપુર,
અમદાવાદ-૩૮૦૦૧૮૪ (મો) ૯૪૨૬૫૨૫૨૪૨

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટાર કોલેજના ઈન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ ખાતે જન્માષ્ટમીની ભવ્ય ઉજવણી

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજના ઇન્ડસ્ટ્રિયલ કેમેસ્ટ્રી ડિપાર્ટમેન્ટ દ્વારા જન્માષ્ટમી પર્વની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમની શરૂઆતમાં વિદ્યાર્થીઓ દ્વારા કૃષ્ણ ભગવાનની આરતી ઉતારવામાં આવી હતી અને ભજન-કીર્તન તેમજ દુહા-છંદની રમઝટ સાથે રાસગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. ઉજવણીની સમાપ્તિ મટકીફોડ કાર્યક્રમ દ્વારા કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પાર્થ પટોલિયા, ઋત્વી પટેલ, શિવાની પાંડે, સ્નેહ જાવિયા વગેરેએ સંચાલન કર્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિભાગના અધ્યક્ષ ડો.રોહિત દવે તથા અધ્યાપકોએ જહેમત ઉઠાવી હતી. સંસ્થાના આચાર્ય ડો.એમ.એમ.રાજ દ્વારા વિદ્યાર્થીઓને જન્માષ્ટમીનું મહત્ત્વ સમજાવાયું હતું. કાર્યક્રમના સફળ આયોજન બદલ કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા સૌ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

**।। નવલિકા ।।**

## અંબોડો

**હેતલ મહેતા**

એમ્બ્યુલન્સનો અવાજ આવતાં તેનાં ડગલાં ઓશરી ભણી ખેંચાયાં. તેના બહાર જતાં જતાં ઊં...વું... ઊં...વું... એવા રુદનધ્વનિથી વાતાવરણને ગમગીન બનાવતી એમ્બ્યુલન્સ વાવાઝોડાની જેમ સૂકાં પાંદડાં ઉડાડતી દોડી ગઈ. થોડી ક્ષણો અભિમાનથી હવામાં ઉછળેલાં પાંદડાં ગોળ-ગોળ ચકરાવો લેતાં પાછાં જમીનદોસ્ત થઈ ગયાં. બીજાના આશરે વધુ સમય ઊંચે ન ઊડી શકાય એવું કદાચ સમજી ગયાં હશે ! જ્યાં સુધી એમ્બ્યુલન્સનો અવાજ સંભળાતો રહ્યો, ત્યાં સુધી કૂતરાઓએ સોસાયટી ગજવી મૂકી. તરત જ પાછળ દોડતી ગાડીઓ પરથી એમ્બ્યુલન્સમાં લઈ જનાર વ્યક્તિનો અવાજ આવી ગયો. ઓશરીની પાળીથી નીચા નમી, જતી ગાડીઓ તરફ તેની નજર સ્થિર થઈ ગઈ. તેની જેમ જ સોસાયટીના ઘણા સભ્યો બહાર આવ્યા, પણ પછી તમાશો જોઈ પાછા ઘરમાં જતા રહ્યા.

પસાર થયેલી થોડી ક્ષણોમાં આરસપહાણના સફેદ મલમલ જેવા પથ્થર પર ઊભાં ઊભાં જ તેના આખા શરીરે ઠંડીનો ચમકારો અનુભવ્યો. ડાબા હાથથી ઝીણી ભાતવાળી સફેદ સાડીનો પાછળનો છેડો આગળ સુધી ખેંચી તેણે શરીરને ગોળમોળ વીંટ્યું. સોસાયટીની બહાર જતી રહેલી એમ્બ્યુલન્સની લાઈટનો પ્રકાશ એક ક્ષણ પૂરતો તેની આંખોમાં લાલ રંગની જેમ ઊપસી આવ્યો. ધૂંધળું ધૂંધળું કંઈક તરી આવ્યું. ખરરર.... કરતાં બે ટીપાં પાળી પર ખર્યા ને મીણની જેમ થીજી ગયાં. હાથનો રૂમાલ થઈ ચહેરા પર ફરી વળ્યો, છતાં પાણીના લિસોટા તેની ગમગીની દર્શાવવા આછા પ્રકાશમાં પણ ચમકી રહ્યા. થોડા દિવસો પહેલાં આવી જ રીતે એના ઘરેથી પણ એમ્બ્યુલન્સ નીકળી હતી, તે ઘટના તાજી થઈ ઊઠી. "સો સારાં વાનાં કરજે" એમ મનમાં બબડતી તે ઓશરીમાં આવેલા હીંચકા પર બેસી પડી. તેના ભારથી હઠયોગી હીંચકો કીચડૂક... કરતાં પાછળ ખસી પાછો આગળ ધસી આવ્યો. જાણે તેને પોતાની રેખાથી પાછું હટવું જરાય પસંદ ન હોય એમ ! આમ તો તેને હીંચકો ખૂબ વહાલો. રોજ રાતે કામ પતાવીને હીંચકાની મઝા માણવાનું એ કદી ન ચૂકે ! અચાનક તેણે યાદ કરવા કોશિશ કરી કે આજે કેટલા દિવસે એ આવી રીતે હીંચકા પર બેસી હશે ? સાડીના બંધનમાંથી હાથ કાઢી તે ટેરવાથી કંઈક ગણતરી કરવા લાગી, ત્રણ માસ. એક માસની પતિની માંદગી અને એના મૃત્યુ બાદના બે માસ. પૂરા ત્રણ માસ વીતી ચૂક્યા હતા. ત્યારે આજે એ ઘરમાં જરા એકલી પડી હતી. અનાયાસે જ પગે ગતિ પકડી અને માથું હીંચકાના ટેકે ઢળી પડ્યું. આંખોએ અંધારું ઓઢ્યું. કિચડૂક... કિચડૂક... અવાજ સાથે પવનની લહેરખી તેના શરીરને બાઝી પડી. તેણે ફરી હાથને સાડીમાં લપેટ્યા. ઘરની બહાર અડીખમ ઊભેલા ચંપાની માદક મહેક ચારેકોર ફરી વળી.

ઘરની સામે શીતળતા આપતા લીમડાનાં પાંદડાં વધુ શીતળ બની થરથર કંપવા લાગ્યાં. ઝાંપાને અડીને ઘરની અગાશી સુધી ઉપર ચઢેલ મધુમાલતીનાં ફૂલો જાણે ટટ્ટાર લીમડાનાં અંગોને જોઈ હસી રહ્યાં. ઓશરીની પાળીને અડીને ઊગેલા સપ્તપદીના ઝાડમાં સળવળાટ થયો. અચાનક તેની મીંચાયેલી આંખો ખૂલી પડી. માળામાં રહેલાં બચ્ચાં ઠંડીના લીધે સળવળી ઊઠ્યાં હતાં કે પછી જોડા વચ્ચે કંઈક ચણભણ થયું હતું એવો વિચાર ઝબકી ઊઠ્યો. તેણે ખાસ બાંધેલ માટીના માળામાં ચકલીએ પોતાનું ઘર ન બનાવતાં, પોતાની મહેનતથી સ્વતંત્ર માળો બનાવ્યો હતો. તેને થયું, "આ નિર્ણય કોણે કર્યો હશે ? ચકલાએ કે ચકલીએ ? શું ચકલીને પોતાની રીતે સ્વતંત્ર નિર્ણયનો અધિકાર હશે ?" થોડી વાર સુધી તેની નજર માળા પર સ્થિર રહી. માળામાં ફરી શાંતિ છવાઈ ગઈ હતી. સોસાયટીના નાકેથી એક કૂતરું ભસતું ભસતું તેના ઘર બહાર આવીને ઊભું રહ્યું. સમયની મર્યાદા વિના રાતના દસેક વાગ્યે પણ તે પોતાની ફરજ ભૂલ્યું ન હતું. કિચડૂક... કિચડૂક... એવા હીંચકાના અવાજે તે જાતે આવી નિરીક્ષણ


ISSN 0976-9609

કરવા લાગ્યું. પરિચિત ચહેરો જોઈ પૂંછડી પટપટાવતું વ્યકિત ન ઓળખ્યાની માફી માંગતું હોય એમ એક ક્ષણ સ્થિર થઈ ગયું. તે ઊભી થઈ રસોડામાંથી રોટલી લઈ આવી, પણ કોઈએ એની ફરજ નિભાવ્યાની નોંધ લીધી કે ન લીધી એની પરવા કર્યા વગર ઈમાનદારીથી પોતાનું કામ કર્યું તેવા સંતોષ સાથે તે તરત જ પાછું ફર્યું. ભૂખથી ટળવટળતી એક ગાય અવાજ સાંભળી દોડી આવી. ઘરની સામે મૂકેલ ચાટનો એંઠવાડ આરોગી તૃપ્ત થતી ધીમે પગલે રવાના થઈ ગઈ.

તે ફરી હીંચકા પર ગોઠવાઈ ગઈ. તેનાથી ફરી આંખો મીંચાઈ ગઈ. પવનની લહેરખીઓ તેની સાથે અડકો-દડકો રમી રહી. માથે ઓઢેલું ક્યારે સરી પડ્યું અને કાચબાની ઢાલ જેવો માથાનો કાળો ભમ્મર અંબોડો છૂટી હીંચકા સાથે ક્યારે રમતે ચડ્યો એનું ભાન તેને ત્યારે આવ્યું જ્યારે અચાનક મોબાઈલની રીંગ વાગી. ઘણા દિવસે શાંત થયેલા તેના મનસરોવરમાં અચાનક કંકર પડ્યો. વમળો ઊઠ્યાં. તેના ઊભાં થતાં પહેલાં જ રીંગ વાગતી બંધ થઈ ગઈ અને તે એમ ને એમ બેસી રહી. તેણે રમતે ચઢેલા વાળને કાબૂમાં કરવા હાથમાં લીધા ને વળ ચઢાવવા લાગી. તેને લાગ્યું કે તેના વાળમાં કોકના હાથ રમી રહ્યા છે. કોઈકની આંગળીઓ વતી તેની લટો ગોળગોળ આકાર પામી રહી છે. એ આંગળીઓનો જાણે સ્પર્શ થયો હોય એમ વાળને વળ ચઢાવતા એના હાથ થંભી ગયા.

"મીના ! ખબર છે કે મેં તને કેમ પસંદ કરી હતી ?" તેના વાળમાં હાથ ફેરવતી પતિની આકૃતિ ઊપસી આવી.

"ના, કહો જોઈએ ! કેમ ?"

"તારા લાંબા, કાળા ભમ્મર વાળ જોઈને જ તો. મને તારા ખૂબ ગમે છે." પરણ્યાના પ્રથમ દિવસે જ પતિ તરફથી સાંભળેલાં વાક્યોથી મીના ગાંડીતૂર બની હતી. બીજા જ દિવસે ખુલ્લા વાળમાં ફરતી મીનાને પતિએ કીધું હતું. "જો તું આમ ખુલ્લા વાળ રાખીશ તો એ જલદી ખરાબ થઈ જશે. અને હું નથી ઇચ્છતો કે તારા વાળ બગડી જાય ! એટલે અંબોડામાં બાંધીને રાખ." પતિના આવાં વચનો પર મીના ઓળઘોળ થઈ ગયેલી. તેણે પોતે પણ તેના વાળ વિશે આવું કદી વિચાર્યું નહોતું. પ્રેમઘેલી મીના પતિનો પડ્યો બોલ ઝીલી લેતી. તેના વાળ તેના શરીરનો ભાગ હતા, પણ તેનો નિર્ણય પતિના હાથમાં હતો. આથી મોટે ભાગે એના લાંબા-કાળ વાળ પતિની સૂચના મુજબ અંબોડાની બખોલમાં જ સંતાઈ રહેતા.

વાસણ ખખડવાના અવાજ સાથે તેની તંદ્રા તૂટી. ઘરની સામે દેખાતા રસ્તા પર છાપરું બાંધીને રહેતા પરિવારમાંથી વાસણ-કૂસણ પછાડવાનો અવાજ વાતાવરણને ખલેલ પહોંચાડવામા લાગ્યો. તેણે ઊભાં થવાં હીંચકાં પર બંને હાથ ટેકવ્યા. વળ ચડાવેલ વાળ ગોળગોળ ઘૂમરી ખાઈ છૂટા પડતાં હવા સાથે વાતો કરવા લાગ્યા. તેણે હીંચકા પરથી ઊભાં થઈ ઝીણી આંખે છાપરા તરફ દષ્ટિ ઘુમાવી. ત્યાંથી પસાર થતાં લોકો ઝઘડો કરી રહેલા યુગલને અવગણીને પસાર થઈ જતા હતા. મીનાએ પણ આજના ઝઘડાનો તાગ મેળવવાની કોશિશ કરી. કાનને જાણે છેક છાપરે પહોંચાડવા હોય. એમ એક બાજુ ચહેરો ફેરવી, કર્ણપટલને રસ્તા તરફ ધરી સાંભળવા પ્રયત્ન કર્યો, પણ વાહનોના અવાજ વચ્ચે કંઈ સ્પષ્ટીકરણ ન આવ્યું. જો કે, એ પણ જાણતી હતી કે આ રોજનું નાટક છે. અત્યારે ઝઘડશે ને કાલ સવારે બેય પ્રેમપંખીડાની જેમ એક રકાબીમાં ચા પીતાં હશે ! છેવટે હવાના જોર સાથે એક વાક્ય ફંગોળાતું મીનાના કાને આવી ચઢ્યું. "મને ગમે એમ જ કરીશ, જા..." એક ક્ષણ માટે તેણે પોતાની જાતને એ સ્ત્રીની જગ્યાએ જોઈ.

તેણે પણ ઘણીવાર આ વાક્ય ઉચ્ચારવાનો પ્રયત્ન કરી જોયો હતો. "મને ગમશે એમ જ કરીશ.. મારી મરજી, મારે અંબોડો લેવો કે ચોટલો લેવો કે છૂટ્ટા રાખવાં !" આવાં વાકયો હોઠે આવી ચઢતાં, પણ તે ઉચ્ચારવામાં કદી સફળ થઈ શકી ન હતી. પછી જાણે એનો અંબોડો એનું બંધન બની ચૂક્યો હતો. ઘણીવાર પ્રસંગમાં જતી વખતે એને એની સ્વતંત્રતા પર કાપ મૂકવો પડતો હોય એમ લાગતું. ખુલ્લા વાળ તેના માટે અભિશાપ બની ચૂક્યા હોય

એમ તેને લાગતું. ક્યારેક ચોટલો લઈ તે પોતાના અરમાનોને થોડીવાર ઊડવા દેતી, પણ પાછું એ જ અંબોડાનું બંધન. સમય જતાં પ્રેમઘેલાં વાક્યો તેને કટારીની માફક ખૂંચવા લાગ્યાં હતાં. જે શબ્દો સાંભળીને એ ગાંડીઘેલી થતી, એ શબ્દો તેને યુદ્ધ કરવા તરફ દોરી જતા, તેનો તેના જ શરીર પર અધિકાર નહોતો. આ તે કેવું ? અંબોડો સતત તેને બંધનનો અહેસાસ કરાવતો રહેતો.

તેણે પાછું હીંચકા પર શરીરને લંબાવ્યું. વર્ષોથી બંધનમાં રહેલા વાળને આજે આઝાદી મળી. તે હીંચકા સાથે મસ્તીમાં ઝૂલી રહ્યાં. હીંચકાને સળિયામાં એક લટ ભરાઈ ને ખેંચાઈ. તેણે ખેંચીને કાઢવાની કોશિશ કરી. તેનાથી એક ઉંહકારો નીકળી ગયો. લટ વધુ ગૂંચવાઈ અને તેને ફરી પહેલાનાં સમયમાં ખેંચી ગઈ.

"મીના ! તને કહું છું, વાળ બાંધ. અંબોડો લઈ લે !"

કોક દિવસ તો ખુલ્લા રાખવા દો. મને પણ કોઈ શોખ હોય કે નહિ ?

"એટલે તું નહિ માને, એમ ને ?"

"ના... આજે મારે..."

વાક્ય અધૂરું જ રહ્યું ને વાળ સાથેની મજબૂત પકડમાં એ ગોંધાતી ગઈ. પછી ક્યારેય ના એ છૂટી થઈ કે ના એના વાળ. અંબોડાના બંધનને એણે સ્વીકારી લેવું પડ્યું. વર્ષો વહેતાં ચાલ્યાં.

તેણે ગૂંચવાઈ ગયેલી લટને જોરથી ખેંચી કાઢી. એકાએક તેના માથામાં એ દિવસ જેવો જ દુખાવો ઊપડ્યો. તેણે બે હાથે માથું ઝાલ્યું. દબાવ્યું, પણ પીડા વધતી જ ચાલી. તે હીંચકામાં બેઠી થઈ. બે હાથ વચ્ચે માથાને ભીંસી દીધું. થોડી ક્ષણો એમ જ પસાર થઈ ગઈ.

ઊં...વું...ઊં...વું... કરતી એમ્બ્યુલન્સ જેટલી ઝડપથી ગઈ હતી, એના કરતાંયે વધુ ઝડપથી પાછી આવી. તે સફાળી ઊભી થઈ ગઈ. પાળીને અડોઅડ ઊભી રહી. સડસડાટ કરતી એમ્બ્યુલન્સ તેની નજીકથી પસાર થઈ વળાંક આવતાં વળી ગઈ. તેને ખ્યાલ આવ્યો કે અચાનક તેનો માથાનો દુખાવો પેલી દોડી ગયેલી એમ્બ્યુલન્સ એની સાથે ખેંચી ગઈ હતી. તે પછી હીંચકે બેઠી. હીંચકા સાથે મસ્તીએ ચઢેલ વાળની બે-ચાર લટો તેના ચહેરા સાથે રમવા લાગી. તેણે હાથથી આઘી ફરવાનો પ્રયત્ન કર્યો. પણ હીંચકાનો હઠીલો સ્વભાવ લટોને લાગ્યો હોય એમ વારે વારે તે ચહેરા પર ચઢી આવતી હતી. વ્યર્થ પ્રયત્ન છોડી તેને લટોને ચહેરા પર રમવા દીધી.

"અરે ! પતિની પાછળ માથું તો મુંડાવું જ પડે ને !" એક વડીલ બાઈ બોલી હતી.

"હજી નાની બાળ જેવી છે. હજી તો હાલ ત્રીસી વટાવી છે, માથાનો એક વાળેય ધોળો નથી થયો. હવે આ જમાનામાં કોણ વાળ ઉતરાવે છે ?" એક સમજુ બાઈએ તેને આ જુલમમાંથી બચાવી લીધી હતી.

પરંતુ, પતિના ગયા બાદ વાળ તો કદી ધ્યાનમાં જ ન આવ્યા. આજે નવરાશે એકલાં પડતાં એને વાળે વિચારોમાં વીંટી લીધી હતી. ફરીથી માથું ઢાળી એ સૂનમૂન બેસી રહી.

ઘર આગળથી મહિલામંડળ વોકિંગ કરવા નીકળ્યું. ખડ...ખડ...ખડ...થતાં પગરખાંના અવાજે એણે બંધ આંખે જ મહિલામંડળની હાજરી પારખી લીધી. પરંતુ, વિચારમગ્ન થયેલ તેણે કોઈ પ્રતિક્રિયા આપ્યા વગર બેસી રહેવું ઉચિત સમજ્યું.

"રાંડ્યાને વળી વાળ શું છૂટ્ટા મેલવા'તા ?" સટાક કરતું વાગ્બાણ આવી મીનાના હૃદયને ખળભળાવી ગયું. તે ઊભી થઈ, વાળને કચકચાવીને વળ ચડાવ્યા અને અંબોડો લઈ ભારે ડગલે ઘરમાં પુરાઈ ગઈ.

૧૫, સૂર્યા બંગ્લોઝ, માનવ આશ્રમ ચોકડી,
વિસનગર રોડ, મહેસાણા-૩૮૪૦૦૧,
(મો) ૯૪૨૮૦૦૯૩૩૮

(ચારુતર વિદ્યામંડળ દ્વારા પ્રકાશિત વિ-વિદ્યાનગર સામયિક અને નલિની-અરવિંદ એન્ડ ટી.વી.પટેલ આર્ટ્સ કોલેજ, વલ્લભ વિદ્યાનગરના સંયુક્ત ઉપક્રમે આયોજિત નવલિકા લેખન સ્પર્ધામાં અહીં છપાયેલ નવલિકાને દ્વિતિય સ્થાન પ્રાપ્ત થયું છે.)


ISSN 0976-9609

**।। प्रेरक – सच्ची कहानी ... ।।**

## अच्छाई पलट-पलट कर आती है ...

ब्रिटेन के स्कोटलेन्ड में फ्लेमिंग नाम का एक गरीब किसान था । एक दिन वह अपने खेत पर काम कर रहा था । अचानक पास में से किसी के चीखने की आवाज सुनाई पड़ी । किसान ने अपने साजो सामान व औजार फेंका और तेजी से आवाज की तरफ लपका ।

आवाज की दिशा में जाने पर उसने देखा कि एक बच्चा दलदल में डूब रहा था । वह बालक कमर तक कीचड़ में फंसा हुआ बाहर निकलने के लिए संघर्ष कर रहा था । वह डर के मारे बुरी तरह कांप पर रहा था और चिल्ला रहा था ।

किसान ने आनन-फानन में लंबी टहनी ढूंढी । अपनी जान पर खेलकर उस टहनी के सहारे बच्चे को बाहर निकाला । अगले दिन उस किसान की छोटी–सी झोंपड़ी के सामने एक शानदार गाड़ी आकर खड़ी हुई । उसमें से कीमती वस्त्र पहने हुए सज्जन उतरे ।

उन्होंने किसान को अपना परिचय देते हुए कहा - मैं उस बालक का पिता हूं और मेरा नाम रोडोल्फ चर्चिल है ।

फिर उस अमीर रोडाल्फ चर्चिल ने कहा कि वह इस एहसान का बदला चुकाने आए हैं ।

फ्लेमिंग नामक उस किसान ने उन सज्जन के ऑफर को ठुकरा दिया ।

उसने कहा मैंने जो कुछ किया उसके बदले में कोई पैसा नहीं लूंगा ।

किसी को बचाना मेरा कर्तव्य है मानवता हैं इंसानियत है और उस मानवता इंसानियत का कोई मोल नहीं होता ।

इसी बीच फ्लेमिंग का बेटा झोंपडी के दरवाजे पर आया ।

उस अमीर सज्जन की नजर अचानक उस पर गई तो उसे एक विचार सूझा ।

उसने पूछा “क्या यह आपका बेटा है ?”

किसान ने गर्व से कहा “हां यह मेरा बेटा है !”

उस व्यक्ति ने अब नए सिरे से बात शुरू करते हुए किसान से कहा ! ठीक है अगर आपको मेरी कीमत मंजूर नहीं है तो ऐसा करते हैं कि आपके बेटे की शिक्षा का भार मैं अपने उपर लेता हूं। मैं उसे उसी स्तर की शिक्षा दिलवाने की व्यवस्था करूंगा जो अपने बेटे को दिलवा रहा हूं। फिर आपका बेटा आगे चलकर एक ऐसा इंसान बनेगा जिस पर हम दोनों गर्व महसूस करेंगे ।”

किसान ने सोचा ‘मैं तो अपने पुत्र को उच्च शिक्षा दिला पाऊंगा नहीं, और नाही सारी सुविधाए बुटा पाऊँगा, बुजिससे कि यह बडा आदमी बन सके । अत: इस प्रस्ताव को स्वीकार कर लेता हूँ ।”

बच्चे के भविष्य की खातिर फ्लेमिंग तैयार हो गया । अब फ्लेमिंग के बेटे को सर्वश्रेष्ठ स्कूल में पढने का मौका मिला ।

आगे बढते हुए उसने लंदन के प्रतिष्ठित सेंट मेरीज मेडिकल स्कूल से स्नातक डिग्री हाँसिल की ।

फिर किसान का यही बेटा पूरी दुनिया में पेनिसिलिन का आविष्कार महान वैज्ञानिक सर अलेक्जेंडर फ्लेमिंग के नाम से बिख्यात हुआ ।

लेकिन

यह कहानी यहीं खत्म नहीं होती । कुछ वर्षो बाद उस अमीर के बेटे को निमोनिया हो गया ।

और उसकी जान सर अलेक्जांडर फ्लेमिंग द्वारा बनाए गए पेनिसिलीन के इंजेक्शन से ही बची ।

उस अमीर चर्चिल के बेटे का नाम था - विंस्टन चर्चिल, जो दो बार ब्रिटेन के प्रधानमंत्री रहे !

हैं न आश्चर्यजनक संजोग ।

इसलिए ही कहते हैं कि व्यक्ति को हंमेशा अच्छे काम करते रहना चाहिए । क्योंकि आपका किया हुआ काम आखिरकार लौटकर आपके ही पास आता है । यानी अच्छाई पलट-पलट कर आती रहती है ! यकीन मानिए, मानवता की दिशा में उठाया गया प्रत्येक कदम आपकी स्वयं की चिंताओं को कम करने में मील का पत्थर साबित होगा ।

कुँए में उतरने के बाद
बाल्टी झुकती है,
लेकिन झुकने के बाद,
भर कर ही बाहर निकलती है ।
यही जिन्दगी जीने का सार है ।
जीवन भी कुछ एसा ही हैं,
जो झुकता है वो अवश्य
कुछ न कुछ लेकर ही उठता है ।

स्रोत : સામાજિક મિડિયા

## ।। વિદ્યાવૃત્ત ।।

**નેશનલ ઈન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્કમાં રાષ્ટ્રીય કક્ષાએ આઈસ્ટાર કોલેજની ગૌરવવંતી સિદ્ધિ :** તાજેતરમાં ભારત સરકારના માનવ સંસાધન વિકાસ મંત્રાલય (MHRD), નવી દિલ્હી દ્વારા ભારત દેશની શૈક્ષણિક સંસ્થાઓનું નેશનલ ઇન્સ્ટિટ્યૂશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF-૨૦૨૪) હેઠળ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. આ વર્ષે આ રેન્કિંગ પ્રક્રિયામાં ભારતની કુલ ૧૦,૮૮૫ શૈક્ષણિક સંસ્થાઓએ ભાગ લીધો હતો. જેમાં ગુણવત્તાયુક્ત શિક્ષણને પ્રતિબિંબિત કરતા મુખ્ય પાંચ પરિમાણો જેમકે ટીચિંગ લર્નિંગ અને રિસોર્સિસ, રિસર્ચ અને પ્રોફેશનલ પ્રેક્ટિસ, ગ્રેજ્યુએશન પરિણામ, આઉટરીચ અને ઇન્ક્લુઝન અને પીઅર પર્સેપ્શન તેમજ ૧૨ પેટા પરિમાણોનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. વર્ષ ૨૦૨૪નાં NIRF રેન્કિંગમાં ભારતની તમામ શૈક્ષણિક સંસ્થાઓના રેન્કિંગની જાહેરાત અને અગ્રેસર રહેલી કોલેજોની યાદી ઓગસ્ટ મહિનામાં MHRD દ્વારા કરવામાં આવી હતી. જેમાં ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા ઈન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ફોર એડવાન્સ્ડ સ્ટડીઝ એન્ડ રિસર્ચ (ISTAR) ભારતની ટોપ ૩૦૦ કોલેજોમાં ૨૩૮ ક્રમાંકે સ્થાન પામી હતી. વધુમાં, NIRF ૨૦૨૪ રેન્કિંગમાં આ વર્ષે ગુજરાત રાજ્યની સમગ્ર કોલેજોમાંથી રાષ્ટ્રીય કક્ષાએ પ્રથમ ૩૦૦ સંસ્થાઓની હરોળમાં સ્થાન પામેલ કુલ ત્રણ સંસ્થાઓમાં આઈસ્ટાર સંસ્થાનો સમાવેશ થયેલ છે. રાષ્ટ્રીય કક્ષાએ આઈસ્ટાર સંસ્થાની આ જ્વલંત સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેન અને સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ ઈજનેર શ્રી ભીખુભાઈ પટેલ, વાઇસ પ્રેસિડેન્ટ શ્રી મનીષભાઈ પટેલ, ઓનરરી સેક્રેટરી ડૉ.એસ.જી. પટેલ, જોઈન્ટ સેક્રેટરી શ્રી આર.સી. તલાટી, શ્રી મેહુલભાઈ પટેલ, શ્રી વિશાલભાઈ પટેલ, સીવીએમના હોદ્દેદારો, સીવીએમ યુનિવર્સિટીના રજીસ્ટ્રાર તથા યુનિવર્સીટીના અન્ય હોદ્દેદારો દ્વારા આઈસ્ટાર કોલેજના પ્રિન્સિપાલ ડો.એમ.એમ. રાજ, કોલેજ સંયોજક ડો. જીગર પટેલ, AISHE, GSIRF, NIRFના કોલેજ કોઓર્ડિનેટર ડૉ.હિરેન સોની અને સંસ્થાના સૌ શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓને હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી.


ISSN 0976-9609

|| અભ્યાસ ||

## વિશ્વકલ્યાણ અને સોમયજ્ઞ

**ચંદ્રકાન્ત પટેલ 'સરલ'**

છેલ્લા એકાદ-બે દસકાથી હિંદુસ્તાનની ભૂમિ ઉપર વિવિધ યજ્ઞોનું આયોજન થઈ રહ્યું છે. આની પાછળનું કારણ પર્યાવરણની રક્ષા તથા વિશ્વકલ્યાણ બતાવાય છે. ગાયત્રી પરિવાર સંસ્થા તો સને ૧૯૯૧ થી વિવિધ યજ્ઞોના આયોજનો કરી રહી છે. હમણા જ તેમના દ્વારા નિર્મિત ૪૭ મો અશ્વમેઘયજ્ઞ મુંબઈમાં સંપન્ન થઈ ગયો.

આદિકાળથી ભારતમાં યજ્ઞોની પરંપરા અવિરત ચાલુ છે. ઋષિમુનિઓ વિશ્વશાંતિ માટે અરણ્યોમાં સોમયજ્ઞો સતત કરતા રહેતા. ત્રેતાયુગમાં વિશ્વામિત્ર મુનિએ કરેલા સોમયજ્ઞના રક્ષણ માટે તેમણે રામ-લક્ષ્મણની મદદ લીધી હતી.

આપણા વૈદિક સાહિત્યમાં યજ્ઞના બે પ્રકાર બતાવાયા છે. (૧) શ્રોતયજ્ઞ અને (૨) સ્માર્તયજ્ઞ. શ્રી વલ્લભાચાર્ય મહાપ્રભુજીના પૂર્વજોએ જે સોમયજ્ઞ કર્યા હતા તે બધા શ્રોતયજ્ઞ જ હતા. તેમાં હવ્ય તરીકે તેમણે 'સોમલતા' નામની વનસ્પતિનો રસ હોમ્યો હોવાથી તે 'સોમયજ્ઞ' તરીકે ઓળખાયા છે.

સોમયજ્ઞમાં 'સોમવલ્લી' અથવા 'સોમલતા' નામની વનસ્પતિનો રસ કાઢીને યજ્ઞમાં આહુતિ અપાય છે. માટે જ તેને 'સોમયજ્ઞ' કહ્યો છે. વર્તમાન સમયે ધીમે ધીમે આ સોમલતા નામની વનસ્પતિ અદૃશ્ય થઈ રહી છે. નાશ પામી રહી છે. તેથી તેને બદલે 'પૂતીક' નામની એવી જ એક બીજી વનસ્પતિના રસનો ઉપયોગ કરવામાં આવે છે. આ પૂતીક વનસ્પતિ કચ્છ વિસ્તારમાં તથા દક્ષિણ વિસ્તારમાં થાય છે.

પ્રાચીનકાળમાં જ્યારે ઋષિઓ સોમયજ્ઞ કરતા ત્યારે સોમયજ્ઞમાં ઈન્દ્રગાન કરતા હતા. વેદોમાં સોમની સ્તુતિનાં પુષ્કળ વર્ણનો તથા શ્લોકો મળે છે. ઋગ્વેદમાં ઉલ્લેખ છે કે, જમદગ્નિ, વિશ્વામિત્ર, ગૌતમ, કશ્યપ, મધુચ્છંદા, અત્રિ, હિરણ્યસ્તૂપ, પ્રિયમેઘ, ઉશના, કક્ષીવાન, રહગણ, વસિષ્ઠ અને અયસ્ય વગેરે ઋષિઓ સોમયજ્ઞ સમયે સોમગાન કરતાં હતાં.

સોમ પ્રકૃતિની અનવરત સાધનાની ફળસ્વરૂપા સિદ્ધિ છે અને તેને અખંડ રસના નિર્ઝરના રૂપમાં જોવાય છે. વેદમાં સોમ મદિરાના રૂપમાં વર્ણવાયો છે. એ એક એવું પવિત્ર રસાયણ છે કે જેના સ્વાદ વિના સાધના અને તપસ્યા વ્યર્થ છે.

આ સોમ આનંદ અને અમરતાનો અધિપતિ છે. અને તે ગોલોકથી ઊતરી પૃથ્વી સાથે આવ્યો હોવાનું ધર્મશાસ્ત્રો કહે છે. સોમનો યજ્ઞ એટલે સોમયજ્ઞ. સોમ અને યજ્ઞ એમ બે શબ્દો છે. તેમાં સોમ એટલે સોમરસ અથવા ચંદ્ર. અને યજ્ઞ એટલે હવન. જ્યાં ચંદ્રમાની પૂજા થાય છે તે સોમયજ્ઞ. 'યજ્ઞ' શબ્દમાં યજ ધાતુને 'નઙ્' પ્રત્યય લાગવાથી 'યજ્ઞ' શબ્દ બન્યો છે.

યજુર્વેદ અને સામવેદમાં સોમનું મહિમાગાન સૌથી અધિક અને સુંદર રીતે કરવામાં આવ્યું છે. ઋગ્વેદના ૯ મા મંડલના ૧૧૪ સૂક્ત છે, જે એકલા સોમની પ્રશસ્તિમાં જ છે. આવું કોઈ દેવતા સાથે નથી. ઈન્દ્ર અને અગ્નિ ભલે પ્રભાવી છે, પરંતુ સોમની જેમ તેમાં પૂરા મંડલ નથી મળતા.

**સોમયજ્ઞના સાત પ્રકાર :**

સોમયજ્ઞ સાત પ્રકારમાં વહેંચાયો છે. જેમાં (૧) અતિગ્નિષ્ટોમ (૨) આપ્તોયમિ (૩) ષોડશી (૪) વાજપેયી (૫) અગ્નિષ્ટોમ (૬) ઉક્થ્ય અને (૭) અતિરાત્રિ કે રાત્ર.

આ સિવાય બીજા પાંચ પ્રકાર 'અવતાર દર્શન' નામના એક પ્રાચીન ગ્રંથમાં બતાવાયા છે. જેમાં (૧) ચાતુર્માસ્ય (૨) પશુયાગ (૩) સ્માર્તયજ્ઞ (૪) અગ્નિહોત્ર અને (૫) સોમયજ્ઞ આ બધા યજ્ઞોના મૂળમાં સોમયજ્ઞની જ વિધિ-વિધાન અને આહુત રહેલી છે. અને આની સાથે સંકળાયેલો વધારે એક

યજ્ઞ જેને 'દર્શપૂર્ણમાસ' કહ્યો છે.

સોમયજ્ઞ ઋગ્વેદના ક્રિયાકાંડનું કેન્દ્રબિન્દુ હતો. તેમાં વૈદિક દેવોમાં સોમ સૌથી મુખ્ય છે. અગ્નિની જેમ સોમ પણ સંપૂર્ણપણે પારદર્શક દેવ છે. સોમવલ્લી તથા સોમરસ હંમેશા ઋષિકવિઓની નજર સમક્ષ રહેલાં હોવાથી એના ઉપર ચેતનત્વારોપણ કરીને ઋષિઓએ સૂક્તો લખ્યાં છે.

સોમરસને ઘણીવાર મધુ તો ઘણીવાર ઈન્દ્ર કહેવામાં આવ્યો છે. અને તે ખૂબ ઉન્મત્તતા પ્રેરક છે, જે માદક અને બલવર્ધક છે. તેને શાશ્વત જીવન આપનારી દૈવી વસ્તુ તરીકે ગણવામાં આવ્યો છે. અને આ જ કારણથી તેને અમૃત કહેવામાં આવ્યું છે.

આ સોમવલ્લી-સોમરસનો રંગ ભૂરો, લાલ અથવા બદામી છે. સોમલતાના છોડને કચડી રસને ગાળવો પડે અને તેને દૂધ, દહીં અને જવની સાથે મેળવવા માટે સોમવલ્લીને કચડવા પથ્થરના ખરલનો ઉપયોગ કરવો પડે છે. એ કર્યા પછી તેને ઘેટાના ઊનની બનાવેલી ચાળણીથી ગાળીને લાકડાના પાત્રમાં રેડવામાં આવે છે. ત્યારબાદ તેનું સેવન કે સોમયજ્ઞમાં હોમવામાં આવે છે.

ધાર્મિક પુરાણો વાંચતા જ્ઞાન થાય છે કે, શરીરની શકિત વધારવાને માટે તે વીતેલા પ્રાચીનકાળ-આદિકાળમાં દેવતાઓ-ઈન્દ્ર-શ્રીકૃષ્ણ-બલરામ વગેરે સોમરસનું પાન કરતાં હતાં. વેદોમાં સર્વરસોમાં સોમરસને શકિતવર્ધક અને પવિત્ર ગણ્યો છે. તે આજના દારૂ જેવો, શરીરને ખોખલું કરનાર પીણું ન હતો. શકિતવર્ધક હતો. આ સોમરસને ભગવાન ગણાવાયો છે.

વૈદિક શાસ્ત્રમાં જેને ખૂબ જ આદરપાત્ર અને અત્યંત પવિત્ર માનવામાં આવ્યો છે, તેમ સોમયજ્ઞને પણ પવિત્ર યજ્ઞ ગણ્યો છે. 'તત્ત્વાર્થદીપ નિબંધ'માં શ્રીમહાપ્રભુજી શ્રી વલ્લભાચાર્યજીએ યજ્ઞને સાક્ષાત્ ભગવત્સ્વરૂપ તરીકે દર્શાવેલ છે.

ભગવાન શ્રીકૃષ્ણ પણ ગીતામાં કહે છે.

अहं क्रतुरहं यज्ञः स्वधाहमहमौषधम् ।
मन्त्रोऽहमहमेवाज्यमहमग्निरहं हुतम् ।।

ભગવાન કહે છે કે, ક્રતુ એટલે કર્મકાંડ (શ્રોતયજ્ઞ) હું છું. સ્વધા એટલે પિતૃ પાછળ કરાતું શ્રાદ્ધમાં અર્પણ કરેલું જ્ઞાન અન્ન પણ હું જ છું અને યજ્ઞ પણ હું જ છું. તેમ જ યજ્ઞમાં બોલાતા મંત્રો પણ હું જ છું અને યજ્ઞમાં હોમવાનું ઘી તથા યજ્ઞની સર્વ આહુતિઓ પણ હું જ છું.

જ્યોતિષ્ટોમ નામનો એક બીજો વૈદિક યજ્ઞ છે તે પણ પરમાત્મા જ છે. તથા સ્મૃતિઓમાં વર્ણવેલા મહાયજ્ઞો પણ પરમાત્મા જ છે. તેથી તે યજ્ઞનારાયણ તરીકે પણ ઓળખાયા છે.

પુષ્ટિમાર્ગમાં પુષ્ટિસંપ્રદાયનો પાયો નાખનાર શ્રીમદ્વલ્લભાચાર્યજીના પૂર્વજો સોમયજ્ઞના શોખીન હતા. તેમના પૂર્વજોએ કરેલા ૧૦૦ (એકસો) યજ્ઞો જોઈએ તો યજ્ઞનારાયણે પોતાના જીવનકાળમાં ૩૨ (બત્રીસ) સોમયજ્ઞ કર્યા હતા. તેમના પુત્ર શ્રી ગંગાધર ભટ્ટજીએ ૨૭ (અઠ્ઠાવીસ) સોમયજ્ઞ કર્યા હતા. ગંગાધર ભટ્ટના પુત્ર શ્રી ગણપતિ ભટ્ટજીએ ૩૦ (ત્રીસ) સોમયજ્ઞ કર્યા હતા. ગણપતિ ભટ્ટના પુત્ર વલ્લભ ભટ્ટજીએ ૫ (પાંચ) સોમયજ્ઞ કર્યા હતા. તથા વલ્લભ ભટ્ટના પુત્ર શ્રી લક્ષ્મણ ભટ્ટજીએ પણ પાંચ સોમયજ્ઞ કર્યા હતા. આમ શ્રી મહાપ્રભુજીના પૂર્વજોએ કુલ ૧૦૦ એકસો સોમયજ્ઞ કર્યા હતા.

આવી રીતે ૧૦૦ (એકસો)યજ્ઞ પૂર્ણ થયે લક્ષ્મણ ભટ્ટને ત્યાં સંવત ૧૫૨૯માં (પંદરસો ઓગણ-ત્રીસ) વિષ્ટ નામે પુત્રનો જન્મ થયો. જે પાછળથી શ્રીવલ્લભ એવા નામથી જગવિખ્યાત થયા. શ્રી વલ્લભાચાર્યજીએ પ્રથમ સોમયજ્ઞ પ્રયાગમાં કર્યો હતો. જે જ્યોતિષ્ટોમ નામે સોમયજ્ઞ કહેવાયો છે. આ સોમયજ્ઞ બાદ વલ્લભાચાર્ય અડેલ પધાર્યા.

પછી એક વર્ષ દરમિયાન તેમણે બીજા ત્રણ


ISSN 0976-9609

સોમયજ્ઞ કર્યા. જે ત્રણે સોમયજ્ઞ અડેલમાં જ સંપન્ન થયા હતા. શ્રી વલ્લભાચાર્યજીના પુત્ર શ્રી વિઠ્ઠલનાથે અડેલમાં સંવત ૧૫૮૫માં બે સોમયજ્ઞ કર્યા હતા. તથા જ્યેષ્ઠ પુત્ર શ્રી ગોપીનાથજીએ ગોકુળમાં એક સોમયજ્ઞ કર્યો હતો. ત્યારબાદ શ્રી વિઠ્ઠલનાથજીએ ફરી એક સોમયજ્ઞ સંવત-૧૬૧૧ માં ચરણાટમાં વેદવિધિ સાથે કર્યો ત્યારથી તે 'દીક્ષિત'ની ઉપાધિથી અલંકૃત થયા.

ગોપીનાથજી દીક્ષિત દ્વારા સંવત ૧૬૭૭માં ત્રણ સોમયજ્ઞ થયા હતા. અને તે પછીની પેઢીમાં થયેલ શ્રી રણછોડાચાર્યજીએ સંવત ૨૦૩૬માં ઉજ્જૈનમાં સોમયજ્ઞો કર્યા હતા. આ માહિતી બળવંતભાઈ કારિયાએ એક લેખમાં આપી છે.

બળવંતભાઈ કહે છે કે, જેમાં દેવતાઓની પૂજા કરવામાં આવે તેને યજ્ઞ કહે છે. અને જેમની પૂજા કરવામાં આવે એ વિષ્ણુજીએ યજ્ઞ કહેવાય છે.

તાજેતરમાં ૧લી જૂનથી ૭ જૂન સુધી જૂનાગઢમાં એક મહાસોમયજ્ઞ સંપન્ન થયો. તેનો ઉદ્દેશ વિશ્વ કલ્યાણભાવના તથા પર્યાવરણની શુદ્ધતા માટેનો જ હતો. વિશ્વમાં વિશ્વશાંતિ જળવાઈ રહે. સનાતન વૈદિક સંસ્કૃતિની રક્ષા થાય,માનવોચિતગુણોનો વ્યાપ વધે અને શક્તિના સૂત્ર સાથે સંબંધ જોડાય તે માટેનો આ યજ્ઞ હતો.

અશ્વમેધયજ્ઞની તુલનામાં સોમયજ્ઞ અહિંસક યજ્ઞ છે. યજ્ઞનો પ્રભાવ શુદ્ધ અને સાત્ત્વિક હોય છે. માનવસમાજના હિત માટે સોમયજ્ઞથી વિશેષ ચઢિયાતો અન્ય કોઈ યજ્ઞ નથી. આ સોમયજ્ઞ સ્વાસ્થ્ય શકિત, આત્મતેજ, બળ, આયુ, સંપન્નતા તથા જીવનવિકાસ-વર્ધક છે. માટે જ સોમયજ્ઞની સર્વતોમુખી મહત્તા અને ગૌરવની બીજા કોઈ યજ્ઞ સાથે તુલના ન થઈ શકે.

શાસ્ત્રોનાં કથન પ્રમાણે સોમ એક એવું જીવનતત્ત્વ છે, જેને જીવનનાં પ્રત્યેક બિન્દુમાં સમુદ્રની જેમ તરંગો સાથે તરંગાતુ જોઈ શકાય છે.

**પર્યાવરણ શુદ્ધતા :**

સોમયજ્ઞ પર્યાવરણને શુદ્ધ કરતો યજ્ઞ છે. સાથે સાથે તેમાં રાષ્ટ્રહિતની ભાવના પણ જોવાય છે. રાષ્ટ્રની ઉન્નતિની ઉદાત્ત ભાવના હૃદયમાં ધારણ કરી સૌ પ્રથમ યજ્ઞભૂમિની વેદીનું માતૃભૂમિના સ્વરૂપે મંત્રોચ્ચાર સાથે પૂજન કરી ત્યારબાદ જ યજન કરવામાં આવે છે.

સોમયજ્ઞ સમયે થતા મંત્રોચ્ચાર સામાન્ય યજ્ઞની જેમ 'સ્વાહા....સ્વાહા...' એમ ઉચ્ચારાતા નથી. પરંતુ 'વષટ્'નું ઉચ્ચારણ કરીને વૈશ્વાનર અગ્નિમાં સોમવલ્લી વનસ્પતિના રસની આહુતિ અપાય છે. યજ્ઞમાં હોમાતી વનસ્પતિઓના ધુમાડા સૂક્ષ્મ સ્વરૂપે સમગ્ર વાયુમંડળમાં ફેલાઈ જાય છે. તેના પ્રભાવથી અગ્નિ અને વનસ્પતિનો થયેલો વિનિયોગ પૃથ્વી, જળ, વાયુ, પ્રકાશ અને આકાશ આદિમાં રહેલા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કીટાણુઓને નિષ્ક્રિય કરે છે. પરિણામે પ્રદૂષણ દર થાય છે. વાયુમંડળ અને પ્રાકૃતિક પર્યાવરણ એમ બંનેની શુદ્ધિ થાય છે.

ઉપરાંત માનવશરીરની સૂક્ષ્મ કોશિકાઓ અને મન અને મસ્તકમાં પણ સૂક્ષ્મ પ્રભાવ પડે છે. અને માનસિક તનાવને દૂર કરે છે. યજ્ઞના આયોજકો માને છે કે સોમયજ્ઞનો ધુમાડો શરીરમાં વ્યાપ્ત કામ, ક્રોધ, લોભ, ઈર્ષ્યા, મદ, મત્સર, મોહ જેવો શત્રુઓનો હ્રાસ કરે છે. આવાં વિધાન-માન્યતાને વૈજ્ઞાનિક ટેકો મળતો નથી. પણ એટલું ખરું કે તેનાથી પર્યાવરણ જરૂર સ્વચ્છ થાય છે.

સોમયજ્ઞમાં જે વનસ્પતિ વપરાય છે, અને આહુતિ અપાય છે તે સોમલતા કે સોમવલ્લી છે તેને ધર્મશાસ્ત્રોએ બ્રહ્મસ્વરૂપ ગણી છે. માટે આ વૈદિક સોમયજ્ઞની પરિક્રમા કરવાથી સમગ્ર બ્રહ્માંડની પરિક્રમા કર્યાનું ફળ મળે છે.

શાસ્ત્રો ભાખે છે કે, પીળા ચોખા દ્વારા આશીર્વાદ લેનારને અક્ષય ફળ પ્રાપ્ત થાય છે. આવા સોમયજ્ઞો જ્યાં જ્યાં થતાં હોય, ત્યાં તેનાં દર્શને

અવશ્ય જવું જોઈએ. ભલે પછી આમંત્રણ ન મળ્યું હોય. વગર આમંત્રણે જવાથી કોઈ દોષ લાગતો નથી.

સોમયજ્ઞ હોય, અશ્વમેધયજ્ઞ હોય કે પછી રાજસૂય યજ્ઞ હોય. દરેક યજ્ઞ સમયે ભિક્ષાની પરંપરા રહી છે. આદિકાળ, પ્રાચીનકાળ તથા મધ્યકાળમાં યજ્ઞ થતા ત્યારે પરંપરાગત યજ્ઞકર્તા રાજાઓ ત્રણ કે પાંચ ઘરે ફરીને ભિક્ષા માગતા હતા. આ વિધિ ત્રણ કે પાંચવાર કરવામાં આવતી. સોમયજ્ઞમાં ભિક્ષાને 'સનિહાર' કહેવામાં આવે છે. યજમાને આ 'સનિહાર'નું પાલન અવશ્ય કરવું જ પડે છે.

સતયુગમાં પણ બલિરાજાના યજ્ઞને શુદ્ધ-સાત્ત્વિક કરવા વામને બલિ પાસે ભિક્ષા માગી હતી. કારણ કે બલિનો યજ્ઞ આસુરી હતો. બલિ પોતે પણ અસુર જાતિનો હતો અને યજ્ઞમાં વાપરવામાં આવતું ધન પણ આસુરી હતું. આથી વામને ભિક્ષા માગીને બલિના યજ્ઞને સાત્ત્વિક, શુદ્ધ કર્યો હતો. બલિએ પણ યજ્ઞના નિયમ મુજબ ઘરે ઘરે ફરી ભિક્ષા માગી હતી. પરંતુ તે અસુર હોવાથી યજ્ઞ સફળ થઈ શકે તેમ ન હોવાથી વામને ભિક્ષા માગી હતી. એ ભિક્ષા કેવળ ત્રણ ડગલાં જમીન જ હતી.

સોમયજ્ઞની પૂર્ણાહુતિ પછી બ્રહ્મભોજન કરાવવામાં આવે છે અને યજમાન બ્રાહ્મણોને પોતાની શક્તિ પ્રમાણે દક્ષિણા આપે છે.

"સંસ્કૃતિદર્શન" કાર્યાલય
'અનુરાગ' રતનપરા શેરી-૧,
બાગ દરવાજા, મુ. માણાવદર-૩૬૨ ૬૩૦
(જી.જૂનાગઢ) (મો) ૮૭૩૫૯૦૨૪૨૪

## ।। વિદ્યાવૃત્ત ।।

### આઈસ્ટારના કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો :

ચારુતર વિદ્યામંડળ સંચાલિત અને સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા આઈસ્ટાર કોલેજના કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટના હેડ ડો.આશિષ જોશીના સંચાલન હેઠળ પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ માટે ઓરિએન્ટેશન પ્રોગ્રામના ભાગરૂપે નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓને આવકારવા માટે અભિમુખતા કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમની શરૂઆત એમસીએના દ્વિતીય વર્ષના વિદ્યાર્થીઓએ પ્રાર્થના ગાઈને કરી હતી. આઈસ્ટાર કોલેજના આચાર્ય ડૉ. એમ.એમ. રાજ દ્વારા સ્વાગત ઉદ્બોધન કરીને વિદ્યાર્થીઓને આવકાર્યા હતા અને તેઓના ઉજ્જ્વળ ભવિષ્ય માટે પ્રેરણા આપી હતી. કાર્યક્રમ દરમ્યાન નવા પ્રવેશેલા વિદ્યાર્થીઓએ તેઓનો પરિચય આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમના સફળ સંચાલન બદલ કોલેજ સંયોજક ડો.જીગર પટેલ દ્વારા કોમ્પ્યુટર સાયન્સ ડિપાર્ટમેન્ટના અધ્યાપકો અને વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

### સીવીએમ યુનિવર્સિટીની એ.ડી.આઈ.ટી. કોલેજના ઉન્નત ભારત અભિયાન દ્વારા વૃક્ષારોપણ :

સીવીએમ યુનિવર્સિટીની ન્યૂ વિદ્યાનગર સ્થિત એ.ડી.આઈ.ટી. એન્જિનિયરીંગ કોલેજના ઉન્નત ભારત અભિયાન સેલ તથા એન.એસ.એસ.સેલના સંયુક્ત ઉપક્રમે મેઘવા-ગાના ગામ ખાતે ૧૦૦ જેટલા વૃક્ષોનું વૃક્ષારોપણ પ્રાથમિક શાળાના પ્રાંગણમાં આણંદના વન વિભાગના સહકારથી ૨૩ ઓગસ્ટના રોજ કરવામાં આવ્યું હતું.

આ વૃક્ષારોપણ કાર્યક્રમ ડૉ. વિશાલ સિંઘ, પ્રિન્સિપાલ, એ.ડી.આઈ.ટી., ડૉ.રાજીવ ભટ્ટ, હેડ સિવિલ એન્જિનિયરીંગ તથા સ્ટાફ મેમ્બર્સ દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રી ભીખુભાઈ પટેલ, પ્રેસિડેન્ટ સીવીએમ યુનિવર્સિટી તથા અન્ય હોદ્દેદારોએ આ કાર્યક્રમ બદલ એ.ડી.આઈ.ટી. કોલેજને અભિનંદન પાઠવ્યા હતા.

 ISSN 0976-9609

॥ સમીક્ષા ॥

## 'અમરફળ' વાર્તાસંચયની ભાષાપ્રયુક્તિ

ધવલકુમાર કીર્તિકુમાર રાજ્યગુરુ

'અમરફળ' ગુજરાતી સાહિત્યના જાણીતા વાર્તાકાર રાઘવજી માધડની ચૂંટેલી વાર્તાઓનો સંગ્રહ છે, જેમાં તેઓએ પોતાની પસંદગીની ૨૫ વાર્તાઓ સંપાદિત કરી છે. આ સંગ્રહ ૨૦૦૯ અને ૨૦૨૨માં ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા પ્રકાશિત થયો છે.

પ્રસ્તાવનામાં અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ લખે છે : 'આ વાર્તાકારની વાર્તાસૃષ્ટિ એમની વિશિષ્ટ વાર્તારચના તેમજ પરસ્પરથી સાવ નોખાં સંવેદનો લઈને નિરૂપાતું વાર્તાવિશ્વ નોંધપાત્ર રહ્યું છે. વાર્તાનાં પાત્રો, ધારેલી-ન ધારેલી એવી પરિસ્થિતિઓ, ભાષાની વિવિધતા, સંવાદો-બોલી-પરિવેશની વિગતો બધામાં પૂરતી કાળજી, કરકસર ... આ બધાથી બંધાતું વાર્તાનું કાઠું આગવી છાપ છોડે છે.'

આ સંગ્રહની દરેક વાર્તાઓમાં વિવિધ વસ્તુ, પરિસ્થિતિ, બોલી-સંવાદો-પરિવેશ જોવા મળે છે. પણ જો આ બધામાં કોઈ એક વાત ઊડીને આંખે વળગે તેવી થઈ તો તે છે, પાત્રોનાં ભાવ-સંવેદનો અને તેને પ્રકટ કરતી સર્જકની ભાષાપ્રયુક્તિ. 'પ્રયુકિત' એટલે વિશિષ્ટ પ્રકારની યુક્તિ કે હિકમત, કરામત, તરકીબ કે 'ટેકનિક.' વાર્તાઓમાં કેન્દ્રસ્થાને માણસ અને તેનાં સંવેદનો રહેલાં પ્રતીત થાય છે. આ માનવસંવેદનો અને ભાવોનું અતિસૂક્ષ્મ નિરીક્ષણ અને ભાષાપ્રયુકિત દ્વારા થયેલું નિરૂપણ એ આ સર્જકની કલમનું પીઠબળ છે.

જીવણલાલની જીવવાની ચાહ હોય કે મૃત્યુની શોધ હોય, સોમાલાલનું મોટા માણસ બનવાનું ચાનક હોય કે સમાજની નગ્ન વાસ્તવિકતા હોય, માધા પટેલનું વિધવા થયેલ પુત્રવધૂને એક બાપને છાજે એમ બીજે વળાવવું હોય કે વિલાસ વહુની મર્યાદા હોય, માનસીનું પોતાના શરીરને એક પ્રોજેકટમાં ખુલ્લું મૂકી આપવાનું હોય કે પૃથ્વીનું વર્કશોપ છોડીને જતાં રહેવું હોય, એક મરી ચૂકેલા માણસનો બદલો હોય કે કુંવારી કૂખે ગર્ભવતી થયેલ રાધા હોય... આવું તો કેટકેટલું રાઘવજીની વાર્તામાં જોવા મળે છે. પણ દરેકમાં જો કોઈ વાર્તા સાથે ભાવકને જકડી રાખતું હોય તો એ છે તેમની ભાષાપ્રયુક્તિ.

**સર્જકની ભાષાપ્રયુક્તિ :**

વાર્તાઓમાં માનવભાવોનું સૂક્ષ્માતિસૂક્ષ્મ નિરીક્ષણ થયું છે. આ માનવભાવોને તેમની વાર્તાઓમાં યોગ્ય જગ્યા પર અને યોગ્ય ભાષાપ્રયુક્તિથી તેઓ આપણી સમક્ષ પીરસી શક્યા છે, એ જ એમની સૌથી મોટી ખાસિયત રહી છે. આ માનવભાવોને આત્મસાત કરવા એટલે ખુદ અનુભવવા એ તો એમની આવડત રહી પરંતુ એ જ ભાવોને આપણી અંદર પ્રતિપાદિત કરવાનું જટિલ કાર્ય પણ એ એટલી જ સહજપણે, આસાનીથી કરી બતાવે છે.

માનવીય ભાવસંવેદન જેવા કે શરમ-સંકોચ કે ભોંઠપનો અનુભવ, ગુસ્સો કે નફરત, પ્રેમ કે લગાવ, જીવન જીવવાનો ઉત્સાહ કે જીવન ટૂંકાવી દેવાની ઉતાવળ, શોક કે હરખની લાગણી, કંઈક જાણવાની જિજ્ઞાસા કે બધાથી અલિપ્તતાનો ભાવ... આ બધાં સંવેદનો જેને કોઈ માણસ પોતાના શબ્દોમાં ઇચ્છે તો પણ ના કહી શકે, વર્ણવી પણ ના શકે એવાં સંવેદનોને લેખકે પોતાની અંદર આત્મસાત કર્યાં છે, અનુભવ્યા છે. એમના એક સાક્ષાત્કાર સમયે એમણે આ પ્રયુક્તિને 'પરકાયા પ્રવેશ' કહીને સંબોધી હતી. તેમણે પોતાના એ સંવેદનોને પોતાના શબ્દો વડે વર્ણવી બતાવ્યાં છે. (સર્જક સાથે સાક્ષાત્કાર)

ભાષાપ્રયુક્તિ એટલે કે ભાષાના માધ્યમ દ્વારા એવી ટેકનિક કે કરામત કરવી કે જેથી સર્જક પોતાનામાં ઊઠેલા ભાવસંવેદનોને 'ઈન્દ્રિય ગ્રાહ્ય' સ્વરૂપે ભાવક સુધી પહોંચાડી શકે.

પ્રો.ડૉ.કેસર મકવાણા નોંધે છે, 'વાર્તાકાર રાઘવજી માધડની વાતાઓનું રૂખ સામાજિક છે. એમની પ્રકૃત ગામઠી છે ને પરિવેશ સોરઠી 'કાઠિયાવાડી' છે,પરંતુ લેખક નર્યા સમાજવાદી નથી. સમાજના રૂઢ માળખામાં પીસાતાં-ભીંસાતાં પાત્રોનાં માનસિક રાગાવેગ

પર એમનો ફોકસ મંડાયેલો રહે છે, તેથી તેમની વાર્તાઓનું શિલ્પ મહદ્ અંશે 'સંવેદન' પર નિર્ભર છે. એ સંવેદનને તીવ્રતમ રીતે પ્રગટ કરવા લેખક માનવીય સંબંધો-સંવેગોના સૂક્ષ્મ તાણાવાણાનું બારીકાઈભર્યું નિરૂપણ કરે છે. એમાં હૃદયના રાગ અને શરીરી આવેગનો સ્વાભાવિક વણાટ સંવેદનને ધારદાર અને પ્રતીતિકર બનાવી આપે છે. સંવેદનની સચ્ચાઈ એ આ સર્જકની આગવી મૂડી છે.' (તાદર્થ્યઃ સપ્ટેમ્બર-૨૦૦૬)

ખાસ તો 'અમરફળની વાર્તાઓમાં તળપદી લોકબોલીની ભાષામાં આવતા રૂઢિપ્રયોગો, કહેવતો અને લોકોક્તિઓની એક આગવી સુંદરતા આપણને જોવા મળે છે. સાથેસાથે અમુક જગ્યાએ સૂક્ષ્મ નિરીક્ષણકાર બનીને નાનામાં નાની હરકતોનો સુંદર વિનિયોગ કરી બતાવ્યો છે. 'અમરફળ' વાતાસંગ્રહમાં લેખક દ્વારા પ્રયોજાયેલ આવી ભાષાપ્રયુક્તિઓની યાદી બનાવવા બેસવું એ તો ખૂબ સમય માંગી લે તેવું કામ છે. પણ તેમાંથી માનવીય ભાવસંવેદન માટે વિનિયોગિત થયેલી સર્જકની આવી કેટલીક ભાષાપ્રયુક્તિ સોદાહરણ તપાસીએ...

**માનવીય ભાવસંવેદન માટે થયેલ ભાષાપ્રયુક્તિ (કેટલાંક ઉદાહરણ)**

* અલંકારો, રૂઢિપ્રયોગો, કહેવતો, લોકોક્તિઓની પ્રયુક્તિ.

૧) '...આની નાભિનો સ્વર કંઈક નિરાળો જ છે. (અમરફળ : પૃષ્ઠ ૧)

૨) '...તમે હરિશ્ચન્દ્રની પૂંછડી છો, સત્યવાદીનો અવતાર છો.' (અમરફળઃ પૃષ્ઠ ૫)

૩) 'જીવણલાલનું કહેણ પત્નીને ઘડીભર કઠ્યું, પછી શિરાના કોળિયા માફક ગળે ઊતરી ગયું.' (અમરફળઃપૃષ્ઠ ૫)

૪) 'કહું છું ઓલ્યું કઈ સગલીના પેટમાં પધરાવી આવ્યા?' (અમરફળઃ પૃષ્ઠ ૯)

૫) 'સોમાનો ભ્રમ, પાણીમાં ઢેફું ઓગળે તેમ ઓગળવા લાગ્યો.' (અમરફળઃ પૃષ્ઠ ૧૧)

૬) 'તે કૂવા તોડવાનો સ્પેશિયાલિસ્ટ હતો!' (અમરફળઃ પૃષ્ઠ ૧૧)

૭) 'જરૂર લાગે ત્યાં પઢાવેલું ભાષણ ઠપકારી દે છે.' (અમરફળઃ પૃષ્ઠ ૧૪)

૮) '...ચારેય છોકરાંઓને નવીનકોર જોડ ને સરપંચના ઘેરથી જૂનાં લૂગડાં આવેલાં તે લટકામાં!' (અમરફળઃ પૃષ્ઠ ૧૪)

૯) '...ખજૂરાના પગ સામે કોઈએ જોયું નહિ!' (અમરફળઃ પૃષ્ઠ ૧૫)

૧૦) '...માધા પટેલ વિષાદગ્રસ્ત ચહેરાની રેખાઓ ખેંચતા ખેતરના શેઢે અકળમૌન ધારણ કરીને બેઠા હતા.' (અમરફળઃ પૃષ્ઠ ૨૧)

૧૧) '...રવજીને જોતાં જ ગઈકાલથી ભરાઈ બેઠેલી નવતર પીડા જાણે મૂઠીયું વાળીને ભાગી!' (અમરફળઃ પૃષ્ઠ ૨૪)

૧૨) 'આંખો બંધ કરી. તુરત આંખોમાં રવજી ઊગી નીકળ્યો.' (અમરફળઃ પૃષ્ઠ ૨૫)

૧૩) '...તેના દિલમાં ઊમટેલાં ઘોડાપૂર ઓછરીને સાવ સૂકાઈ ગયાં. (અમરફળઃ પૃષ્ઠ ૨૬)

૧૪) 'આ તો અનાદિકાળથી હાલ્યો આવતો સ્... ટાંટિયા ખેંહણમસીન !' (અમરફળઃ પૃષ્ઠ ૭૨)

૧૫) 'વશીયાને ઘણી વખત થતું સાપ, ભૂલથી છછૂંદર તો ગળી નથી ગયો ને?...'(અમરફળઃ પૃષ્ઠ ૭૬)

***ભાષાપ્રયુક્તિમાં લેખકના અનુભવ અને અવલોકનનો નિચોડ**

૧) '...આંખો બંધ કરી તેણે ઊંઘવાનો પ્રયત્ન કર્યો ત્યાં તો પેલું રૂપ તેની આંખોમાં અજગર થઈને આળોટવા લાગ્યું.' (અમરફળઃ પૃ. ૧૭)

૨) 'ફરી માસીએ તન-મનને સજ્જ કર્યું. પાનો ચઢાવ્યો અને એક નવોઢાની માફક તે બે-ચાર ડગલાં ચાલી...વિશાળ વર્કશોપના ચારેય ખૂણામાં ટોર્ચની માફક નજર ફેરવી...-અને પાણીના ખાબોચિયામાં પગ મૂકતી હોય તેમ સંભાળી સંભાળીને ચાલી.' (અમરફળઃ પૃ ૨૯)

૩) 'સુમલ આવી એવા જ પગલે ચાલી ગઈ પણ એંઠવાડની કથરોટ ઊંધી વાળતી ગઈ હોય તેમ મારી આજુબાજુ બેઠેલા સૌના મોં બગડી ગયાં.' (અમરફળઃ પૃ. ૫૯)

૪) 'મોસમના પહેલા વરસાદે ઊગી નીકળતી લીલોતરી જેવી ઇચ્છાને પોતાના પગ તળે દબાવતો એકદમ ચાલવા લાગ્યો.' (અમરફળઃ પૃ. ૭૯)

૫) '...અજાણ્યા માણસને તો લાગે કે જાણે એક જ ડાળનાં બે પાન. પણ એક પાનમાં ઈયળ બેસી ગઈ.' (અમરફળઃ ૮૦)

૬) 'સગપણનો પડદો જર્જરિત થઈને, ધીરે ધીરે ચિરાવા લાગ્યો હતો.' (અમરફળઃ પૃ. ૮૧)

૭) 'પાડા પર પાણી નાખો ને તરત જ નીચે દડી જાય એમ ગંગાને ક્ષીય અસર થઈ નહિ. જાણે કે આવી ગાળ્યું કોઠે પડી ગઈ હોય!!' (અમરફળઃ પૃ. ૮૮)

૮) 'વળી પહેલા સવાલે કાળોતરા નાગ માફક ફૂંફાડો માર્યો. ઝેરના ફોદા ઊડ્યા. મોં ગંદું થઈ ગયું...' (અમરફળઃ પૃ.૧૦૫)

૯) '...મનના તબેલામાં હણહણાટી કરતા અશ્વો ભાગી છૂટ્યા છે અને પોતે ભાગેલા અશ્વોની પાછળ દોટ દેવા નીકળ્યો છે.' (અમરફળઃ પૃ. ૧૧૧)

૧૦) 'અને દાંડી સહિત કાનાનો હાથ ફૂટી ગયેલ ઢોલના પડમાં સલવાઈ ગયો!' (અમરફળઃ પૃ. ૧૩૭)

આ સિવાય પણ ઘણી ભાષાપ્રયુક્તિઓ ખૂબ દાદ માંગી લે તેવી રીતે થઈ છે. જેમ કે,

*** શરમ, સંકોચ, ક્ષોભ કે મૂંઝવણ માટે...**

૧) 'માધા પટેલને જોતાં જ જાણે રવજીના શરીરમાંથી લોહી ઊડી ગયું...તે લેવાઈ ગયો...' (અમરફળઃ પૃ. ૨૭)

૨) 'બફારો અસહ્ય હતો. બહાર કરતાં અંદરની ગરમી વધારે થતી હોય એવું માનસીને લાગ્યું.' (અમરફળઃ પૃ.30)

૩) 'માનસીએ કાચબાની માફક અંગો સંકેલ્યાં.' (અમરફળઃ પૃ. ૩૨)

૪) 'રામજી જીવાનો રાતી રાણ્ય જેવો ચહેરો તરડાઈને તમતમી ઊઠ્યો હતો.'(અમરફળઃ પૃ.૫૬)

૫) 'અને પછી સુમલનું મારકણું સ્મિત મને પાણી પાણી કરી મૂકે. હું ધોરિયાની જેમ ખળખળ વહેવા લાગું' (અમરફળઃ પૃ.૬૨)

*** ક્રોધ, ભય કે અસહ્ય પીડા માટે...**

૧) 'પ્રાગજીના કાનમાં ઊકળતું પ્રવાહી ભરાઈ ગયું હોય એવું લાગ્યું.' (અમરફળઃ પૃ. ૩૬)

૨) '... ને તેના મોં પર ઘાતકીપણું લીંપણ લીંપાઈ ગયું.' (અમરફળઃ પૃ. ૩૭)

૩) '...ભય નામનું પ્રવાહી રાધાની નસેનસમાં પ્રસરવા લાગ્યું હતું'. (અમરફળઃ પૃ. ૪૦)

૪) '...તેની લીસી ચામડી માથે પ્રસ્વેદબિંદુઓ ઊપસી ઊપસીને દડદડવા લાગ્યાં.' (અમરફળઃ પૃ.૪૩)

૫) 'ચૂલાની આગમણમાં પગ ભરાવીને બેઠેલી ગંગાનો આવું સાંભળીને પિત્તો આસમાને ચઢી ગયો. તેનાં અંગેઅંગમાં બળતરા ઊપડી..'(અમરફળઃ પૃ ૯૩)

જાત-અનુભવ અને અવલોકનની તપ-સાધનાથી સિદ્ધ થયેલ સર્જકની કલમમાં તળપદી લોકબોલી અને ભાષાપ્રયુક્તિઓનું સમાયોજન તેમના ગદ્યને વધુ ને વધુ લોકભોગ્ય બનાવી આપે છે. અહીં લેવાયેલાં ઉદાહરણ સિવાય પણ 'અમરફળ' વાતાસંગ્રહમાં બીજી ઘણી ભાષાપ્રયુક્તિઓ ચોક્કસ જોવા મળશે. દરેક વાર્તામાં અલગઅલગ પાત્રો અને પરિવેશ, એમાં પણ પાત્રને અનુરૂપ સંવાદો-સંવેદનો અને એ બધાને માટે વપરાયેલી ભાષાપ્રયુક્તિ લેખકને બીજા બધા વાર્તાકારોથી અલગ બનાવે છે, શ્રેષ્ઠ બનાવે છે.

---

સંદર્ભ સૂચી : પુસ્તક / લેખઃ

૧) માધડ, રાઘવજી. 'અમરફળ', દ્વિતીય આવૃત્તિઃ૨૦૨૨

૨) વણકર, રાજેશ. 'વાર્તાસંપદા', ૨૦૧૫

https://niravrave.wordpress.com/2014/03/30/

---

'હરિઓમ', ડી-૪, શિવાલિક પાર્ક સોસાયટી,
જનકપુરી સોસાયટી પાસે, બોખીરા,
પોરબંદર-૩૬૦૫૭૯ (મો) ૮૮૬૬૨૩૧૫૯૫
dhavalguru7508@gmail.com

|| અધ્યયન ||

## શંકરાચાર્ય, રામાનુજાચાર્ય, નિંબાકાચાર્ય અને માધવાચાર્યની તત્ત્વચર્ચાનો સંક્ષિપ્ત પરિચય

રાજેન્દ્ર ઠાકર

મિત્રો, આજે અહીં શંકરાચાર્યના અદ્વૈતવાદ, રામાનુજાચાર્યના વિશિષ્ટાદ્વૈતવાદ, નિંબાકાચાર્યના દ્વૈતાદ્વૈતાવાદ અને માધવાચાર્યના દ્વૈતવાદનું તુલનાત્મક અધ્યયન કરવાનો ઉપક્રમ છે.

ઉપરોક્ત ચારેય આચાર્યોની ફિલસૂફીનો અંતિમ ધ્યેય તો મોક્ષપ્રાપ્તિ જ છે, પરંતુ ચારેય આચાર્યોની જગતને જોવાની દૃષ્ટિ જુદી જુદી અલગ છે.

સૌ પ્રથમ આપણે શંકરાચાર્યના અદ્વૈતવાદની ચર્ચા કરીશું. શંકરાચાર્ય (ઈ.સ.૭૮૮-૮૨૦)નો જીવનકાળ ફક્ત ૩૨ વર્ષનો હતો. પરંતુ આ ટૂંકાગાળામાં તેઓએ જગતને એક અજોડ ફિલસૂફી આપી.

તેમના વિશે એક દંતકથા પ્રચલિત છે કે, સાત વર્ષની નાની વયે તેમનો પગ મગરે પકડ્યો હતો અને જ્યારે તેમનાં માતાએ તેમને સંન્યાસ લેવાની મંજૂરી આપી, ત્યારે જ મગરે તેમનો પગ છોડ્યો હતો.

શંકરાચાર્યના પિતાનું નામ શિવગુરુ અને માતાનું નામ આર્યમ્બા હતું. તેમના ગામનું નામ કાલાદિ (કેરાલા) હતું. શંકરાચાર્ય તેમના ગુરુ ગોવિંદપાદ પાસેથી વેદો, ઉપનિષદો અને બ્રહ્મસૂત્ર શીખ્યા. તેમ કહેવાય છે કે તેઓએ માત્ર આઠ વર્ષની ઉંમરે ચારેય વેદોનું અધ્યયન કર્યું હતું. તેમના માતાપિતાએ તેમનું નામ શંકર પાડ્યું. કારણ કે તેઓ માનતા હતા કે, શંકરનું નામ સમૃદ્ધિ આપનારું છે.

શંકરાચાર્યનો અદ્વૈતવાદ એક વાસ્તવિકતા શીખવે છે કે જે બધા બાહ્યદર્શનનો પાયો છે. હિંદુ વિચારધારાની વિવિધ ધારાઓને એક કરવાનો શ્રેય તેમને જાય છે, જેણે મુસ્લિમ આક્રમણો પછી હિંદુત્વને પુનર્જીવિત કરવામાં મદદ કરી. આ નશ્વર વિશ્વની ભ્રાંતિની સમજ અને વાસ્તવિક જ્ઞાનની પ્રાપ્ત એટલે જ મુક્તિ એટલે કે મોક્ષ તેમ તેમણે સર્વ-સામાન્ય વ્યાખ્યા સાથે સમજ આપી હતી. તેમની ફિલસૂફીનું મુખ્ય તત્ત્વ 'ब्रह्म सत्यं जगत् मिथ्या' હતું. તેઓ તેની સમજ આપતાં કહે છે કે, જેમ અંધારામાં દોરડું સાપ સમાન દેખાય છે, તેમ આ નશ્વર વિશ્વ માયાને કારણે સાચું જગત દેખાય છે. તેઓ કહે છે કે જગત બ્રહ્મની અભિવ્યક્તિ છે. તે એક બ્રહ્મનો ફેલાવો છે. આમ, શંકરાચાર્યનું અદ્વૈત દર્શન ઉપનિષદિક જ્ઞાનપરંપરાનો તાર્કિક વિકાસ છે. તેમના દર્શનમાં સ્વાનુભૂતિમૂલક સત્યની અભિવ્યક્તિ છે. બ્રહ્મ એ જ જીવ અને જીવ એ જ બ્રહ્મ છે. 'अहं ब्रह्मास्मि त्वं तत्त्वमसि' એટલે કે 'હું બ્રહ્મ છું અને તું તત્ત્વ છે.' શૂન્ય એ બ્રહ્મનો પર્યાય છે. (અહીં નરસિંહ મહેતાનું ભક્તિકાવ્ય 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ' સ્મરે છે.) તેમનું માનવું હતું કે, મેળવવા લાયક કોઈ પણ વસ્તુ હોય તો તે બ્રહ્મ છે. તે મેળવવામાં જ ધન્યતા છે. તે જ ઉત્તમ સ્થિતિ છે. તે જ મોક્ષ છે. (શિવસૂત્ર પૃ.૨૦૬) 'ભજગોવિંદમ્,' 'વિવેક ચૂડામણિ' અને 'બ્રહ્મસૂત્ર' એ તેમનો અક્ષરદેહ છે.

**રામાનુજાચાર્ય** (ઈ.સ.૧૦૧૭-૧૧૩૭)ના વિશિષ્ટા-દ્વૈતવાદ અથવા એકેશ્વરવાદ (Monism) માં પુષ્ટિમાર્ગની ભકિતધારાનો પ્રભાવ રહ્યો હતો. તેમ માનવામાં આવે છે કે બાર વર્ષ સુધી તેમણે વિધિવત્ શિક્ષણ લીધું ન હતું. તેમની ફિલસૂફી કોઈ ધાર્મિક સંસ્થા નહીં પરંતુ બિનસાંપ્રદાયિક વિચારધારા છે. તેઓ બ્રાહ્મણ પરિવારમાં જન્મ્યા હતા. તેમના પિતાનું નામ કેશવ સોમાજી દીક્ષિત હતું અને માતાનું નામ કાન્તિમતિ (કાંતિમથી) હતું. તેઓ એવા વૈષ્ણવ સંત હતા, જેનો ભક્તિપરંપરા સાથે વધુ લગાવ રહ્યો હતો. નાથ સંપ્રદાયમાં તેમને શ્રદ્ધા હતી. વૈષ્ણવ ધર્મમાં તેમની વિશેષ રુચિ હતી. એક રીતે (Monism) ની વિચારધારા શંકરાચાર્યની વિચારધારાને મળતી હતી કે પદાર્થ (Matter) અને મન-બુદ્ધિ (Mind) (m and m) વચ્ચે કોઈ અંતર નથી.

 ISSN 0976-9609

વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતમાં (ખરેખર) ત્રણ તત્ત્વો છે. (૧) એકેશ્વરવાદની પરંપરા છે. (૨) અદ્વૈત એટલે કે સ્વ (આત્મા) અને સર્વ (બ્રહ્મ)ની ઓળખ છે. (૩) તેમનું માનવું છે કે ઈશ્વર એક જ છે.

કવચ-કુંડળ વિશે ભેદ ન હોયે
.......................................
ઘાટ ઘડ્યા પછી નાગરૂપ જૂજવાં
અંતે તો હેમનું હેમ હોયે.
- નરસિંહ મહેતા

અહીં શંકરાચાર્ય અને રામાનુજાચાર્યની ફિલસૂફી સમાન લાગે છે. વૈષ્ણવ ધર્મમાં પુષ્ટિમાર્ગની જેમ મંગળાચરણથી શયન સુધીની આઠ પ્રહરની પૂજાનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે.

'શ્રી ભાષ્ય', 'વેદાર્થસંગ્રહ,' 'ભાવાર્થ રત્નાકર' અને 'ગદ્યત્રયમ્' એ રામાનુજાચાર્યનાં મહત્ત્વનાં પુસ્તકો છે.

**નિમ્બાકાચાર્ય (ઈ.સ. ૧૧૩૦-૧૨૦૦)** તેમનો જીવનકાળ શંકરાચાર્ય કરતાં પહેલાં-૬ઠ્ઠીથી સાતમી સદી સુધીનો ગણી પ્રશ્નાર્થ ખડો કરાય છે.

તેમનો જન્મ તેલુગુ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. તેમના પિતાનું નામ અરુણાર્ષિ અને માતાનું નામ જયંતિદેવી હતું. તેમનો જન્મ હાલના મુર્ગરાપટ્ટમ્ (તામિલનાડુ)માં થયો હતો. નિમ્બાકાચાર્યના જન્મ પછી માતાપિતાએ મથુરામાં સ્થળાંતર કર્યું હતું.

તેમણે દ્વૈતાદ્વૈતવાદ પુરસ્કૃત કર્યો હતો. તેમણે જીવનનો ઘણોખરો ભાગ મથુરા (યુ.પી.)માં વિતાવ્યો હતો. તેઓ કુમાર સંપ્રદાય સાથે જોડાયેલા હતા.

તેમનું દર્શન (ફિલસૂફી) તે વિચારધારા ઉપર ભાર મૂકે છે (Dualistic Monism) કે, દ્વૈત અને અદ્વૈત બંનેનું અસ્તિત્વ એક સાથે છે, જેમાં આત્મા ભગવાનથી નજીક હોવા છતાં માયાને કારણે દૂર દિશે છે. તેમણે પણ માયાને કબીરની જેમ પ્રપંચી કહી છે. સત્ત્વ, રજ અને તમ આ ત્રણેય ગુણભાવો અર્થાત્ પદાર્થોથી મોહિત થઈને, સંપૂર્ણ સંસારથી પર નિર્ગુણ અવ્યયને જાણતા નથી. માયાને કારણે શરીર, ઈંદ્રિય વગેરે સાચાં (Real) લાગે છે. શંકરાચાર્યની જેમ તેઓ પણ માને છે કે, શરીર અને આત્માને અલગ કરી જાણવા જોઈએ. આત્મા (Real) છે જ્યારે શરીર Relative છે. જે કાંઈ કરે છે તે શરીર કરે છે. આમ, પોતાના શરીરથી અલગ કરી આત્માને જોવાથી, પરમાત્મા નજીક દિશે છે.

'બ્રહ્મમીમાંસા ભાષ્યમ્' ઉપરાંત તેમનું જીવનચરિત્ર એ નિમ્બાકાચાર્યનો અક્ષરદેહ છે.

**વલ્લભાચાર્ય** (૧૪૭૮-૧૫૩૦) પુષ્ટિમાર્ગના સ્થાપક-સમર્થક રહ્યા છે. તેમની ફિલસૂફી પણ દ્વૈતાદ્વૈત વિચારધારા જ છે. બંનેની ફિલસૂફીમાં કોઈ તાત્ત્વિક તફાવત નથી. તેમની ભક્તિમાં ભગવાન શ્રીકૃષ્ણ કેન્દ્રસ્થાને છે. તેમનાં મંદિરોમાં આઠ પ્રહરની પૂજા કરવામાં આવે છે. વલ્લભાચાર્યનો પુષ્ટિમાર્ગ સમાજમાં એટલો જચી ગયો કે, આજે પણ લોકો એકબીજાને સામે મળે ત્યારે 'જય શ્રીકૃષ્ણ' કરે છે. 'મથુરાષ્ટકમ્', 'વિવેકધૈર્યાશ્રય', 'યમુનાષ્ટકમ્' 'સુબોધિની' 'અણુભાષ્ય્', 'શ્રીમદનુભાષ્યમ્' વગેરે વલ્લભાચાર્યનાં પુસ્તકો છે.

**માધવાચાર્ય (૧૨૩૮-૧૩૧૭) :** તેમનો જન્મ દક્ષિણમાં ઉડુપીથી નજીક પજાકા (કર્ણાટક)માં થયો હતો. તેઓ ભારતમાં ભક્તિઆંદોલનના સમયના સૌથી મહત્ત્વપૂર્ણ દાર્શનિકોમાંના એક હતા. ભકિતઆંદોલન સમતાવાદી આંદોલન હતું, જેણે જાતિ અથવા ધર્મ આધારિત ભેદભાવનો સંપૂર્ણ નિષેધ કર્યો. ભક્તિસંતોએ જનસાધારણની સામાન્ય ભાષા અથવા ક્ષેત્રીય ભાષામાં ઉપદેશ આપ્યો, જેને કારણે મરાઠી, હિન્દી, બંગાળી તથા ગુજરાતી ભાષાઓનો વિકાસ પણ થયો. માધવાચાર્ય પૂર્ણપ્રજ્ઞ તેમજ આનંદતીર્થના નામથી પણ પ્રસિદ્ધ છે. તેઓ તત્ત્વવાદના પ્રવર્તક હતા, જેને દ્વૈતવાદના નામથી પણ ઓળખવામાં આવે છે, જે ઉપરોક્ત ત્રણેય ફિલસૂફીથી તાત્ત્વિક રીતે

અલગ પડે છે. તેઓ આત્મા અને સ્વને અલગ માને છે. આત્મા અને સ્વ બંને અલગ તથા ન બદલાતી વાસ્તવિકતાઓ છે. 'અણુ વ્યાખ્યાન', 'ઉપનિષદ ભાષ્યમ્:ટીકા-ટીપ્પણી,' 'મહાભારત તાત્પર્ય નિર્ણય,' 'સદાચાર સ્મૃતિ' 'કમ્પ્લીટ વર્ક ઓફ માધવાચાર્ય' વગેરે માધવાચાર્યનો અક્ષરદેહ છે.

**સમાપન :**

જ્યાં સુધી અંશાશિભાવને સંબંધ છે, તે અદ્વૈતવાદી, દ્વૈતાદ્વૈતવાદી તથા વિશિષ્ટ અદ્વૈતવાદી ત્રણેયને માન્ય છે; પરંતુ ત્રણેયના મતોમાં અંતર છે. દ્વૈતાદ્વૈતવાદીઓનો મત છે કે, પરમ તત્ત્વ બ્રહ્મ વિભિન્ન શકિતઓથી સમન્વિત થઈને પોતાને અનંત નામરૂપોમાં વ્યક્ત કરે છે. આ નામરૂપોની એક સાથે જ્ઞાન કરાવનારી શકિત ઈશ્વર છે અને જે શકિત એક કરીને જાણે છે તે જીવ છે.

વિશિષ્ટાદ્વૈતવાદી જીવને બ્રહ્મનું શરીર માને છે. બ્રહ્મ તથા જીવ બંનેને ચેતન છે. બ્રહ્મ વિભુતા, જીવ અણુ છે. બ્રહ્મ તથા જીવમાં સજાતીય-વિજાતીય ભેદ નથી. સ્વગત ભેદો છે. બ્રહ્મ પૂર્ણ તથા જીવ ખંડિત છે.

સારરૂપે કહી શકાય કે, ઉપરોક્ત બધા વાદો તાત્ત્વિક રૂપે થોડાક અલગ છે, પરંતુ બધા જ વાદોનું અંતિમ ધ્યેય મોક્ષપ્રાપ્તિ અને ઈશ્વરપ્રાપ્તિ છે. ઉપરોક્ત બધા જ વાદોએ હિંદુત્વને જોડવાનું કાર્ય કર્યું છે. બધાએ મુક્તિની અવસ્થાને બ્રહ્મકારિતાની અવસ્થા માની છે.

બધા આચાર્યોનો એક સ્વર છે :

'શ્વાસેશ્વાસે પ્રભુ સમર, વૃથા શ્વાસ મત ખોય,
ન જાને ઈસ શ્વાસ કી આવાગમન કબ હોય.'

એટલે જ પીપા ભગતે કહ્યું છે કે,

'પીપા પાની એક હૈ, પનિહારી અનેક,
વાસનમેં ઝઘડા ભયા, પાની એક કા એક.'

(Source:wikipidia.org>wikiyindianphilosophy)

'ત્રિપદા' બી-૩-૧૯ સમર્પણ સોસાયટી
પાલિકાનગર પાસે, વલ્લભ વિદ્યાનગર
આણંદ-૩૮૮૧૨૦, (મો) ૯૭૨૬૨૩૫૮૨૦

## ।। વિદ્યાવૃત્ત ।।

**સીવીએમ યુનિવર્સિટીની એડીઆઈટી કોલેજ ખાતે 'ગ્રીન બિલ્ડિંગ કન્સ્ટ્રક્શન પ્રેક્ટિસ' વિશે વ્યાખ્યાનનું આયોજન.** : સીવીએમ યુનિવર્સિટીની ઘટક સંસ્થા એ ડી પટેલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજી ખાતે આઈજીબીસી સ્ટુડન્ટ ચેપ્ટર અને સિવિલ એન્જિનિયરિંગ વિભાગના સંયુક્ત ઉપક્રમે તાજેતરમાં વર્લ્ડ ગ્રીન બિલ્ડિંગ વીક 2024 ના સેલિબ્રેશનના સંદર્ભે એક્સપર્ટ ટોક યોજાઈ હતી. જેમાં એડીઆઇટી અને આજુબાજુની વિવિધ સંસ્થાઓના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સિવિલ એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ હેડ ડૉ રાજીવ ભટ્ટે આપેલી માહિતી મુજબ આ કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે શ્રી એન કે ઓઝા, ગ્રીન બિલ્ડિંગ કન્સલ્ટન્ટ, યુનિવર્સલ કન્સલ્ટન્સી, વડોદરા એ ગ્રીન બિલ્ડિંગ પ્રેક્ટિસ વિશે માહિતી આપેલી હતી. તેઓએ ગ્રીન બિલ્ડિંગનું મહત્ત્વ અને એનર્જીનો બચાવ તથા પાણીના વપરાશનો બચાવો તથા સસ્ટેનેબલ ડેવલપમેન્ટ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરેલ.

આ કાર્યક્રમના આયોજન બદલ સીવીએમ યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ શ્રી ભીખુભાઈ પટેલ તથા એડીઆઈટી કોલેજ પ્રિન્સિપાલ ડૉ વિશાલ સિંઘે આઈજીબીસી ચેપ્ટર તથા એડીઆઇટી કોલેજના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતા.

## ॥ લલિતનિબંધ ॥

# અનોખી સૃષ્ટિમાં ....


**સિલાસ પટેલિયા**


ઘણા દિવસો પહેલાં 'નેશનલ જિયોગ્રાફિક' ચેનલ પર 'સ્ટોન ફોરેસ્ટ' નામની ડોક્યુમેન્ટરી જોઈ હતી. એ જોયા બાદ દિવસો લગી એ અનોખી સૃષ્ટિમાં મારું મન રમમાણ થતું રહ્યું હતું. એકાદ બેવાર તો એ વનવગડો, પહાડો ને પંખીઓ સ્વપ્નમાં પણ દેખાયાં હતાં. આજે થાય છે કે લાવ એ મારા અનુભવની વાત માંડુ ! ફરી એ બધું તાજું થશે ને ફરી એ વાતાવરણને માણવાની તક મને મળશે.

ગાઢ વનરાજી અને પથ્થરો વચ્ચેથી એક તરુણ વનવાસી મારી આંખે ચઢે છે. ઉઘાડું ડીલ. હાથમાં લાકડી. દોરી બાંધેલી માટલી ખભે ભેરવી છે. એની ચાલમાં જોમજુસ્સો છે. બેફિકરાઈ છે. પગલે પગલે આનંદકેફ છે. એ આ ચઢ્યો પહાડ પર, વળી ઢાળ ઉતર્યો, ઢોળાવ ભણી વળ્યો, સરકી ગયો, ગુફા જેવા પથ્થરોમાં ગયો. અટક્યો. વૃક્ષની ઘેઘૂરઘટામાં એ આંખ માંડે છે. આ ઝૂક્યો. એની પાસે દાતરડાથી થોડું મોટું એવું સાધન છે કાઈતું ! થડ પર ઘા કર્યો. ગાઢ વગડામાં એ જઈ રહ્યો છે. હુંયે ક્યારનોય એની જોડે જોડે આ વનવગડાને જોતો જોતો ચાલી રહ્યો છે. એને ખબર નથી. એ મને જોતો નથી. હું એને જોઉં છું. મજાની આ સૃષ્ટિ છે. પતંગિયાઓ ઊડાઊડ કરી રહ્યાં છે. કાચીંડાઓ છે. વિચિત્ર અવાજો કાઢતાં વન્ય જનાવરો છે. પાણીમાં મગરો ઉછળી રહ્યાં છે. આ મગરોની કાયા પુરાણા વૃક્ષના થડની છાલ જેવી છે. આખું થડ જ પાણીમાં પડ્યું હોય એવું લાગે છે. પથ્થરો વચ્ચેથી એક સાંકળી નેળ જેવો મારગ જાય છે. એ મારગે પેલો તરુણ વળ્યો. વૃક્ષના પોલાણમાં બિલાડી જેવું જનાવર બેઠું છે. કથ્થઈ રંગની ચમકતી આંખે એ સાપને જુએ છે. આ તરુણ એ બંનેને જુએ છે. ગભરાયા વિના એતો ઘેઘૂરઘટાવાળા વૃક્ષોની વચ્ચેથી વન્યપશુ જેવો અવાજ કાઢતો પસાર થઈ રહ્યો છે. આખી મુવીમાં એ વચ્ચે વચ્ચે ગાયબ થતો પણ દેખાતો રહે છે.

આવો આ તરફ... કોતરણી કરીને કંડાર્યો. હોય એવો આ પહાડ છે. પહાડ પર વૃક્ષો. વૃક્ષોની ઘટાની ઝીણી નાની નાની પત્તીઓ. પહેલો નજરે જ ગમી જાય એવાં સાવ જુદાં જ લાગે એવાં આ ઘેઘૂર વૃક્ષો. જોતો રહ્યો. નારંગી રંગી ઘટા. ડાળીઓ પર, ફાંસલામાં સુંદર પંખીઓ દેખાય છે. સફેદ સફેદ કાયા ધરાવતા વાંદરાઓ ! પાણીદાર આંખો તરત ગમી જાય. રૂપેરી ડાળી પર એ કૂદાકૂદ કરી રહ્યાં છે. આપણે જોયેલા પરિચિત વાંદરાઓ ય નજર સામે આવે. આ જુદા વાંદરાઓ સાથે એ વાંદરાઓને મારી આંખ જોવા લાગી. રમૂજ થઈ.


ઝીણી ઝીણી નકશો કરી હોય એવી ઘટાવાળા વૃક્ષોની અડખેપડખે, ઉપર નીચેના ભગામાં ઊંચા ઊંચા પથ્થરો છે. રાખોડી અને કાળા રંગના ! એની પર ઘટા ઝૂકી છે. સરસ કોતરણી. વિવિધ આકારો. સુંદર શિલ્પો જ લાગે ! કુદરતી શિલ્પી ! એના ઢાંકણે કંડારાયાં છે આ શિલ્પો ! જોતો જ રહી ગયો. કોઈ શિલ્પીના શિલ્પોના પ્રદર્શનને જોતો હોઉં એવી મુગ્ધતાથી જોતો જ રહ્યો. વાહ ! 'જિસકી રચના ઈતની સુંદર ! વો કિતના સુંદર હોગા !' આ વળી ધોળા ધોળા પહાડો. એની પડખે ઊંચા ઊંચા રૂપેરી કથ્થઈ રંગના થડવાળા વૃક્ષો છે. પથ્થરોના બે સ્તૂપ આકારની મધ્યે એક સુંદર વૃક્ષ છે. એ વૃક્ષ પર બિલાડી જેવું એક પ્રાણી બેઠું છે. આખી આ દશ્યાવલિ માણતો રહ્યો. બિલાડીના કાન સ્થિર છે. થયું ધીરે ધીરે એની પાસે જાઉં... બંને કાન હળવેથી પકડી લઉં... કલ્પનાથી ભારે રમૂજ થઈ. આ પહાડો પર, વૃક્ષો પર, જે વાંદરાઓ જોવા મળ્યા, એમનો અવાજ પણ કાને પડતો રહ્યો. એ અવાજ પંખીઓના અવાજ જેવો મીઠો લાગી રહ્યો છે. પહેલાં તો મને એમ જ લાગ્યું કે કોઈ પંખી ગાઈ રહ્યું છે ! પછી ખબર પડી કે આ તો વાંદરો અવાજ કરે છે. તાંબાના ઘડા પર વેલણ મારતા રહીએ ને જે અવાજ જન્મે એવો અવાજ મને તો લાગ્યો. મજા પડી. દિવસો લગી મને એ અવાજ સંભળાતો રહ્યો.

વૃક્ષો અને પહાડોએ આ વરસતા વરસાદમાં અનેરું રૂપ ધારણ કર્યું છે. વૃક્ષો અને પહાડોને ભીંજવી જ નહીં. તરબોળ કરી રહ્યો છે. આ ધોધમાર વરસાદ.. વાંદરાઓની કાયા પર વરસાદ. વૃક્ષોની ગીચ ઘટા પર વરસાદ..પહાડોના શિલ્પો પર વરસાદ.. પહાડોના પોલાણમાં વરસાદ..પહાડની ગુફામાં વરસાદ.. ઝીણાં ઝીણાં વળાંકો પર વરસાદ... પોલાણો, ખીણો અને ઢોળાવો પર વરસાદ... બધું જ વરસાદમાં જીવંત થઈ ઊઠ્યું છે. આખી સૃષ્ટિ આ વરસાદમાં તરબતર થઈ નીતરી રહી છે. જુઓ વરસાદના પાણીનું આ બીજું રૂપ- પથ્થરોના પોલાણમાં ગયેલું પાણી ઠેકઠેકાણે ઝરણારૂપે વહી રહ્યું છે. વળી પહાડ પરથી આ પાણી ધોધરૂપે ય પડી રહ્યું છે. પહાડી શિલ્પો, વૃક્ષો, પશુઓ બધું જ આ ધોધ... ઝરણાઓ તળે... મને થાય છેઃ આ ધોધ નીચે ઊભો રહું. ધોધમાર પલળું ઝરણાના જળમાં નાહ્યા કરું. બસ આ જળમાં જળમય બનીને આ પહાડોમાં હુંય વહેતો રહું... મનોમન પહાડોમાં પહોંચી ય ગયો. ઝરણાનો જળઆનંદ લીધો.

થોડો સમય પસાર થયો. રાત્રિનો સન્નાટો છવાયો, ..ને ઘટા પર દેખાયો તામ્રવરણો ચંદ્ર ! વિસ્મિત નેત્રે જોતો જ રહ્યો. વાહ કુદરત તારી લીલાના રંગો ! એને મુગ્ધતાથી નીરખતો હતો ત્યારે તો આંખ સામે એ સુંદર તામ્રરંગો ચંદ્ર જ ઝળહળતો રહ્યો હતો. એને જોયા પછી શાંતચિતે બેઠો હતો ત્યારે ફરી ફરી એતો નજર સામે ખીલતો રહ્યો જ, સાથે સાથે છેક બાળપણથી માંડીને અત્યાર લગી જુદા જુદા સ્થળેથી મેં જોયેલા ચાંદા સ્મરણમાં ઊગતા રહ્યા. જોતો રહ્યો. વળી કેવળ ચાંદની રાતભર બારીમાંથી, ઉઘાડા બારણેથી ઓરડાની પથારીમાં વરસતી રહી હોય એનુંય સ્મરણ થયું. એ ઘર, એ પરસાળ, એ વાડી ને ત્યાંથી જોયેલો આવો જ ચંદ્ર ! નળીયાવાળા ઘરના છાપરેથી, ક્યારેય લીમડાની ઘટામાંથી... ઉપર આવતો ચંદ્ર પ્રત્યક્ષ થતો. ડાંગના મારા વિદ્યાર્થીના એ વનવગડાના પહાડી વિસ્તારના ઘરમાં ચાર દિવસ રહ્યો હતો. એ વેળા રાત્રિના ઘેરા સન્નાટામાં દૂર પહાડીમાંથી ઉપર ઊઠતા તામ્રવરણા ચંદ્રને જોયો હતો. આ ચંદ્રએ એ બધાં જ ચંદ્રોની યાદ દેવડાવી.

આ જોયેલું માણેલું જગત હજુય મારામાં ઘરબાયેલું છે જ્યારે મન થાય ત્યારે એને યાદ કરું છું ને એ ઝરણાની જેમ મારામાં ફૂટે છે.

૨૦૧, સેફ્રોન કલાસિક, એસ.બી.એસ.કોલોની,
ડિલક્ષ ચાર રસ્તા, નિઝામપુરા,
વડોદરા, (મો) ૯૩૭૭૨૬૬૮૨૮



 ISSN 0976-9609

# ।। નેશનલ સ્પેસ ડે ની ઉજવણી ।।









ચારુતર વિદ્યામંડળ સંચાલિત વી.એન્ડ સી. પટેલ ઈંગ્લીશ સ્કુલમાં નેશનલ સ્પેસ ડે ની ઉજવણી નિમિત્તે ઉપસ્થિત ઈસરો સંસ્થાના વૈજ્ઞાનિકો જલક્ષીબેન દેસાઈ તથા પારૂલસિંહ મેડમે વિદ્યાર્થિઓ તથા શૈક્ષણિક સ્ટાફ સમક્ષ આકાશ વિજ્ઞાન, દેશ અને દુનિયાના અવકાશ મિશન અંગે જ્ઞાન આપ્યું હતું. નેશનલ સ્પેસ ડે નિમિત્તે શાળામાં વિવિધ સ્પર્ધાઓ જેવી કે નિબંધ સ્પર્ધા, પેઈન્ટીંગ, ક્વીઝ અને ડિબેટનું આયોજન સીવીએમના અધ્યક્ષશ્રી એન્જિ. ભીખુભાઈ પટેલ, સંસ્થાના આચાર્યા ડૉ. સલમા પાલેજા વરિષ્ઠ પ્રાધ્યાપકો ડો. હિમાંશુ ત્રિવેદી તથા ડૉ. વિભા વૈષ્ણવના માર્ગદર્શન અને વડપણ હેઠળ કરવામાં આવ્યું હતું.

BOOK POST
October 2024

V-Vidyanagar 26 (10)
Published on 05/10/2024
No. of Pages 40 Including Cover
ISSN 0976 – 9609 V-Vidyanagar

Postal Regd. No. AND/318/2024-26
RNI Regd. No. Guj/2009-11/5433
Posted at Vallabh Vidyanagar on
5th of Every Month



Navaratri is an annual Hindu festival observed in honour of the goddess Durga, an aspect of Adi Parashakti, the supreme goddess. It spans over nine nights, first in the month of Chaitra, and again in the month of Ashvin.

(Source: google)

**Editor : Dr. Urvish Chhaya**

**If undelivered, return to**
Dr. S.G. Patel, Hon. Secretary, Charutar Vidya Mandal,
Vallabh Vidyanagar 388120, Gujarat (INDIA)
(Printed, Published and Owned by Charutar Vidya Mandal, Vallabh Vidyanagar )